# ભક્તિપદ સંચય

## અનુક્રમણિકા


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **શ્રીમદ્ રાજચંદ્રદેવ પ્રણીત પદો** | |
| ૧. ભિન્ન ભિન્ન મત દેખીએ | ૫ |
| ૨. લઘુ વયથી અદ્ભુત | ૫ |
| ૩. મારગ સાચા મિલ ગયા | ૬ |
| ૪. હોત આસવા પરિસવા | ૭ |
| ૫. મુનિને પ્રણામ | ૭ |
| ૬. પ્રભુ પ્રાર્થના-જળહળ જ્યોતિ | ૮ |
| ૭. અનિત્ય આદિ બાર ભાવના | ૧૦ |
| ૮. સર્વમાન્ય ધર્મ | ૧૨ |
| ૯. લોક પુરુષ સંસ્થાને | ૧૨ |
| ૧૦. જડભાવે જડ પરિણમે | ૧૪ |
| ૧૧. પંથ પરમપદ બોધ્યો | ૧૫ |
| ૧૨. કાળ કોઈને નહિ મૂકે | ૧૬ |
| ૧૩. બીજાં સાધન બહુ કર્યાં | ૧૭ |
| ૧૪. જિનવર કહે છે જ્ઞાન તેને | ૧૭ |
| ૧૫. સદ્ગુરુના ઉપદેશથી | ૧૯ |
| ૧૬. ઇચ્છે છે જે જોગીજન | ૧૯ |
| **શ્રી રત્નરાજસ્વામી કૃત પદો–** | |
| ૧૭. સુગુરુ નિત્ય સાંભરે | ૨૧ |
| ૧૮. સહજાત્મસ્વરૂપ સુણો | ૨૨ |
| ૧૯. અમને અંતસમય ઉપકારી | ૨૪ |
| ૨૦. દર્શન ધો ગુરુરાજ | ૨૪ |
| ૨૧. મૈં દિવાના રાજકા | ૨૫ |
| ૨૨. ગુરુ ઘેર આવ્યા | ૨૬ |
| **શ્રી આનંદઘનજીકૃત પદો–** | |
| ૨૩. ઐસે અરિહંતકે ગુણ | ૨૮ |
| ૨૪. અબ હમ અમર ભયે | ૨૮ |
| ૨૫. આશા ઔરનકી ક્યા | ૨૯ |
| ૨૬. બેર બેર નહીં આવે | ૨૯ |
| **શ્રી ચિદાનંદજી કૃત પદો–** | |
| ૨૭. સોહં સોહં સોહં સોહં | ૩૦ |
| ૨૮. લઘુતા મેરે મન માની | ૩૦ |
| ૨૯. વિરથા જનમ ગમાયો | ૩૧ |
| ૩૦. સમઝ પરી મોહે સમઝ | ૩૧ |
| ૩૧. મુસાફિર! રૈન રહી અબ | ૩૨ |
| ૩૨. જગ સુપનેકી માયા | ૩૨ |
| **પૂજ્યશ્રી બ્રહ્મચારીજી કૃત પદો** | |
| ૩૩. વારસ અહો મહાવીરના | ૩૩ |
| ૩૪. જિનવર દર્શન | ૩૪ |
| ૩૫. વૈરાગ્યમણિ માળા | ૩૮ |
| **શ્રી ૐકારભાઈ કૃત પદો** | |
| ૩૬. કોના માટે વિત્ત ભેગું | ૪૩ |
| ૩૭. કામનું પ્રાબલ્ય (ગાયની પાછળ..) | ૪૩ |
| ૩૮. રાજચંદ્ર સાચા ભગવાન | ૪૪ |
| ૩૯. બ્રહ્મચર્યની નવ વાડ | ૪૬ |
| ૪૦. પતિ પરમકૃપાળુ મારા | ૪૭ |
| ૪૧. સદ્ગુરુ પરમકૃપાળુ દેવ | ૪૮ |
| **શ્રી ઉદયરત્નકૃત સજ્ઝાયો** | |
| ૪૨. શ્રી વૈરાગ્યની સજ્ઝાય | ૪૯ |
| ૪૩. ક્રોધની સજ્ઝાય | ૪૯ |
| ૪૪. માનની સજ્ઝાય | ૫૦ |
| ૪૫. માયાની સજ્ઝાય | ૫૧ |
| ૪૬. લોભની સજ્ઝાય | ૫૧ |
| ૪૭. શ્રી શાંતિનાથનો છંદ | ૫૨ |
| ૪૮. જોબન અસ્થિરની સજ્ઝાય | ૫૩ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **શ્રી કબીરદાસ કૃત પદો–** | |
| ૪૯. આતમા ઔર પરમાતમા | ૫૪ |
| ૫૦. સંગત સંતનકી કરલે | ૫૫ |
| ૫૧. માટી કહે કુમ્હારસે | ૫૫ |
| ૫૨. હર બીન અપના | ૫૫ |
| ૫૩. કબીર કહે એ મારગડા | ૫૬ |
| ૫૪. જગત મે કૈસા નાતા | ૫૭ |
| ૫૫. ઘુંઘટ કા પટ ખોલ | ૫૭ |
| **શ્રી મીરાંબાઈ કૃત પદો–** | |
| ૫૬. દેવ દુર્લભ ઘેલછા | ૫૮ |
| ૫૭. મોહે લાગી લટક | ૫૮ |
| ૫૮. અબતો મેરે રાજ | ૫૯ |
| ૫૯. મુખડાની માયા લાગી | ૫૯ |
| ૬૦. અખંડ વરને વરી | ૬૦ |
| ૬૧. જૂનું તો થયું રે | ૬૦ |
| **શ્રી નરસિંહ મહેતા કૃત પદો–** | |
| ૬૨. જ્યાં લગી આતમા | ૬૧ |
| ૬૩. વૈષ્ણવજન તો તેણે | ૬૧ |
| ૬૪. સુખદુઃખ મનમાં | ૬૨ |
| **છૂટક સંગ્રહ** | |
| ૬૫. આપ સ્વભાવમેં રે... | ૬૩ |
| ૬૬. પરકમ્મા કરીને લાગું પાય રે... | ૬૩ |
| ૬૭. ભરતેશ્વર ભૂપતિ ભયો રે વૈરાગી | ૬૪ |
| ૬૮. ભક્તિ કરતાં છૂટે મારા પ્રાણ | ૬૫ |
| ૬૯. શ્રી દિવાળીનું સ્તવન | ૬૬ |
| ૭૦. મન તો વીંધાયું વ્હાલાજીની સાથે રે | ૬૬ |
| ૭૧. મિચ્છા મિ દુક્કડં | ૬૭ |
| ૭૨. અબ મૈં સાચો સાહિબ પાયો | ૬૮ |
| ૭૩. એક જ દે ચિનગારી | ૬૮ |

| વિષય | | પૃષ્ઠ |
|---|---|---|
| ૭૪. ગોવિંદો પ્રાણ અમારો | | ૬૯ |
| ૭૫. જોજે રે તારી જિંદગી | | ૭૦ |
| ૭૬. જિંદગીનો શો ભરોસો | | ૭૦ |
| ૭૭. કેવી છે કુદરતની કલા | | ૭૧ |
| ૭૮. તારે માથે કોપી રહ્યો | ઋષિરાજ | ૭૨ |
| ૭૯. હરિ ભજન વિના | પ્રીતમ સ્વામી | ૭૨ |
| ૮૦. હારે મારે સજની | બ્રહ્માનંદ | ૭૩ |
| ૮૧. પ્રભુ પતિત પાવન | શ્રી બુધજન | ૭૪ |
| ૮૨. તે ગુરુ મેરે મન બસો | શ્રી ભૂધરદાસ | ૭૪ |
| ૮૩. અબ હસ્તી સંજમ સાધે | પાર્શ્વપુરાણ | ૭૬ |
| ૮૪. પાપસ્થાનક ચોથું વરજિએ | શ્રી યશોવિજયજી | ૭૬ |
| ૮૫. ત્રિશલાનંદન વીરજી | શ્રી ધનવિજયજી | ૭૭ |
| ૮૬. નાથ તેરો દર્શન દુર્લભ | શ્રી ધનવિજયજી | ૭૮ |
| ૮૭. સમકિત નવિ લહ્યું રે | શ્રી દેવચંદ્રજી | ૭૯ |
| ૮૮. ચઉમાસી પારણું આવે | શ્રી વીરવિજયજી | ૭૯ |
| ૮૯. પ્રભુજી સિધાવ્યા રે | શ્રી યશોભદ્રવિજયજી | ૮૦ |
| ૯૦. નિંદા મ કરજો કોઈની | શ્રી સમયસુંદર | ૮૧ |
| ૯૧. મારી સાધનામેં શક્તિ | શ્રી ચંદનમુનિ | ૮૨ |
| ૯૨. શિવના અનુગામી | પંડિત ગુણભદ્રજી | ૮૩ |
| ૯૩. સર્વસ્વ હમારા અર્પણ હૈ | પંડિત ગુણભદ્રજી | ૮૪ |
| ૯૪. ચેતે તો ચેતાવું તને રે | દલપતરામ | ૮૫ |
| ૯૫. જેનો કાળ તે કિંકર થઈ | મનોહરદાસ | ૮૬ |
| ૯૬. રત્નાકર પચ્ચીશી | શામ | ૮૭ |
| ૯૭. ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના | નિષ્કુલાનંદ | ૯૧ |
| ૯૮. શ્રી સહજાનંદીની સજ્ઝાય | | ૯૨ |
| ૯૯. તુમસે લાગી લગન | | ૯૪ |
| ૧૦૦.ઈલાચી કુમારની સજ્ઝાય | શ્રી લબ્ધિ વિજય | ૯૪ |
| ૧૦૧.શ્રી વવાણીયા જન્મભૂમિ મહિમા | શ્રી બ્રહ્મચારીજી | ૯૬ |

# શ્રીમદ્ રાજચંદ્રદેવ પ્રણીત પદો

(૧)

ભિન્ન ભિન્ન મત દેખીએ, ભેદ દૃષ્ટિનો એહ;
એક તત્ત્વના મૂળમાં, વ્યાપ્યા માનો તેહ. ૧

તેહ તત્ત્વરૂપ વૃક્ષનું, આત્મધર્મ છે મૂળ;
સ્વભાવની સિદ્ધિ કરે, ધર્મ તે જ અનુકૂળ. ૨

પ્રથમ આત્મસિદ્ધિ થવા, કરીએ જ્ઞાન વિચાર;
અનુભવી ગુરુને સેવીએ, બુધજનનો નિર્ધાર. ૩

ક્ષણ ક્ષણ જે અસ્થિરતા, અને વિભાવિક મોહ,
તે જેનામાંથી ગયા, તે અનુભવી ગુરુ જોય. ૪

બાહ્ય તેમ અભ્યંતરે, ગ્રન્થ ગ્રન્થિ નહિ હોય;
પરમ પુરુષ તેને કહો, સરળ દૃષ્ટિથી જોય. ૫

(૨)

''સુખકી સહેલી હે, અકેલી ઉદાસીનતા''
અધ્યાત્મની જનની તે ઉદાસીનતા.

લઘુ વયથી અદ્ભુત થયો, તત્ત્વજ્ઞાનનો બોધ;
એ જ સૂચવે એમ કે, ગતિ આગતિ કાં શોધ? ૧

જે સંસ્કાર થવો ઘટે, અતિ અભ્યાસે કાંય;
વિના પરિશ્રમ તે થયો, ભવશંકા શી ત્યાંય? ૨

જેમ જેમ મતિ અલ્પતા, અને મોહ ઉદ્યોત;
તેમ તેમ ભવશંકના, અપાત્ર અંતર જ્યોત. ૩
કરી કલ્પના દૃઢ કરે, નાના નાસ્તિ વિચાર;
પણ અસ્તિ તે સૂચવે, એ જ ખરો નિર્ધાર. ૪
આ ભવ વણ ભવ છે નહીં, એ જ તર્ક અનુકૂળ;
વિચારતાં પામી ગયા, આત્મધર્મનું મૂળ. ૫

---

## (૩)

મારગ સાચા મિલ ગયા, છૂટ ગયે સંદેહ;
હોતા સો તો જલ ગયા, ભિન્ન કિયા નિજ દેહ.
સમજ, પિછે સબ સરલ હૈ, બિનૂ સમજ મુશકીલ;
યે મુશકીલી ક્યા કહું? ..... ...............
ખોજ પિંડ બ્રહ્માંડકા, પત્તા તો લગ જાય;
યેહિ બ્રહ્માંડિ વાસના, જબ જાવે તબ ..........
આપ આપકું ભુલ ગયા, ઇનસેં ક્યા અંધેર?
સમર સમર અબ હસત હૈ, નહિ ભૂલેંગે ફેર.
જહાં કલપના—જલપના, તહાં માનું દુઃખ છાંઈ;
મિટે કલપના—જલપના, તબ વસ્તૂ તિન પાઈ.
હે જીવ! ક્યા ઇચ્છત હવે? હૈ ઇચ્છા દુઃખમૂલ;
જબ ઇચ્છાકા નાશ તબ, મિટે અનાદિ ભૂલ.
એસી કહાઁસે મતિ ભઈ, આપ આપ હૈ નાહિ;
આપનકું જબ ભુલ ગયે, અવર કહાઁસે લાઈ.
આપ આપ એ શોધસેં, આપ આપ મિલ જાય;
આપ મિલન નય બાપકો, ..................

---

## (૪)

હોત આસવા પરિસવા, નહિ ઇનમેં સંદેહ;
માત્ર દૃષ્ટિકી ભૂલ હૈ, ભૂલ ગયે ગત એહિ.

રચના જિન ઉપદેશકી, પરમોત્તમ તિનુ કાલ;
ઇનમેં સબ મત રહત હૈ, કરતે નિજ સંભાલ.

જિન સો હી હૈ આતમા, અન્ય હોઈ સો કર્મ;
કર્મ કટે સો જિનવચન, તત્ત્વજ્ઞાનીકો મર્મ.

જબ જાન્યો નિજરૂપકો, તબ જાન્યો સબ લોક;
નહિ જાન્યો નિજરૂપકો, સબ જાન્યો સો ફોક.

એહિ દિશાકી મૂઢતા, હૈ નહિ જિનપેં ભાવ;
જિનસેં ભાવ બિનુ કબૂ, નહિ છૂટત દુઃખદાવ.

વ્યવહારસેં દેવ જિન, નિહચેસેં હૈ આપ;
એહિ બચનસેં સમજ લે, જિનપ્રવચનકી છાપ.

એહિ નહીં હૈ કલ્પના, એહી નહીં વિભંગ;
જબ જાગેંગે આતમા, તબ લાગેંગે રંગ.

---

## (૫) મુનિને પ્રણામ

(મનહર છન્દ)

શાંતિકે સાગર અરુ, નીતિકે નાગર નેક,
દયાકે આગર જ્ઞાન, ધ્યાનકે નિધાન હો;
શુદ્ધબુદ્ધિ બ્રહ્મચારી, મુખબાની પૂર્ણ પ્યારી,
સબનકે હિતકારી, ધર્મકે ઉદ્યાન હો;

રાગદ્વેષસે રહિત, પરમ પુનિત નિત્ય,
ગુનસે ખચિત ચિત્ત, સજ્જન સમાન હો;
રાયચંદ ધૈર્યપાલ, ધર્મઢાલ ક્રોધકાલ,
મુનિ તુમ આગે મેરે, પ્રનામ અમાન હો.

(શાર્દૂલવિક્રીડિત)

માયા માન મનોજ મોહ મમતા, મિથ્યાત મોડી મુનિ,
ધોરી ધર્મ ધરેલ ધ્યાન ધરથી, ધારેલ ધૈર્ય ધૂની;
છે સંતોષ સુશીલ સૌમ્ય સમતા, ને શીયળે ચંડના,
નીતિ રાય દયા-ક્ષમાધર મુનિ, કોટી કરું વંદના.

## (૬) પ્રભુ પ્રાર્થના

(દોહરા)

જળહળ જ્યોતિ સ્વરૂપ તું, કેવળ કૃપાનિધાન;
પ્રેમ પુનિત તુજ પ્રેરજે, ભયભંજન ભગવાન. ૧

નિત્ય નિરંજન નિત્ય છો, ગંજન ગંજ ગુમાન;
અભિવંદન અભિવંદના, ભયભંજન ભગવાન. ૨

ધર્મધરણ તારણતરણ, શરણ ચરણ સન્માન;
વિઘ્નહરણ પાવનકરણ, ભયભંજન ભગવાન. ૩

ભદ્રભરણ ભીતિહરણ, સુધાઝરણ શુભવાન;
ક્લેશહરણ ચિંતાચૂરણ, ભયભંજન ભગવાન. ૪

અવિનાશી અરિહંત તું, એક અખંડ અમાન;
અજર અમર અણજન્મ તું, ભયભંજન ભગવાન. ૫

આનંદી અપવર્ગી તું, અકળ ગતિ અનુમાન;
આશિષ અનુકૂળ આપજે, ભયભંજન ભગવાન. ૬

નિરાકાર નિર્લેપ છો, નિર્મળ નીતિનિધાન;
નિર્મોહક નારાયણા, ભયભંજન ભગવાન. ૭

સચરાચર સ્વયંભૂ પ્રભુ, સુખદ સોંપજે સાન;
સૃષ્ટિનાથ સર્વેશ્વરા, ભયભંજન ભગવાન. ૮

સંકટ શોક સકળ હરણ, નૌતમ જ્ઞાન નિદાન;
ઇચ્છા વિકળ અચળ કરો,ભયભંજન ભગવાન. ૯

આધિ વ્યાધિ ઉપાધિને, હરો તંત તોફાન;
કરુણાળુ કરુણા કરો, ભયભંજન ભગવાન. ૧૦

કિંકરની કંકર મતિ, ભૂલ ભયંકર ભાન;
શંકર તે સ્નેહે હરો, ભયભંજન ભગવાન. ૧૧

શક્તિ શિશુને આપશો, ભક્તિ મુક્તિનું દાન;
તુજ જુક્તિ જાહેર છે, ભયભંજન ભગવાન. ૧૨

નીતિ પ્રીતિ નમ્રતા, ભલી ભક્તિનું ભાન;
આર્ય પ્રજાને આપશો, ભયભંજન ભગવાન. ૧૩

દયા શાંતિ ઔદાર્યતા, ધર્મ મર્મ મનધ્યાન;
સંપ જંપ વણકંપ દે, ભયભંજન ભગવાન. ૧૪

હર આળસ એદીપણું, હર અઘ ને અજ્ઞાન;
હર ભ્રમણા ભારત તણી, ભયભંજન ભગવાન. ૧૫

તન મન ધન ને અન્નનું, દે સુખ સુધા સમાન;
આ અવનીનું કર ભલું, ભયભંજન ભગવાન. ૧૬

વિનય વિનંતી રાયની, ધરો કૃપાથી ધ્યાન;
માન્ય કરો મહારાજ તે, ભયભંજન ભગવાન. ૧૭

## (૭)

### અનિત્ય ભાવના

(ઉપજાતિ)

વિદ્યુત લક્ષ્મી પ્રભુતા પતંગ, આયુષ્ય તે તો જળના તરંગ;
પુરંદરી ચાપ અનંગ રંગ, શું રાચીએ ત્યાં ક્ષણનો પ્રસંગ!

### અશરણ ભાવના

(ઉપજાતિ)

સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી;
અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાંહ્ય સ્હાશે.

### એકત્વ ભાવના

(ઉપજાતિ)

શરીરમાં વ્યાધિ પ્રત્યક્ષ થાય, તે કોઈ અન્યે લઈ ના શકાય;
એ ભોગવે એક સ્વઆત્મ પોતે, એકત્વ એથી નયસુજ્ઞ ગોતે.

(શાર્દૂલવિક્રીડિત)

રાણી સર્વ મળી સુચંદન ઘસી, ને ચર્ચવામાં હતી,
બૂઝ્યો ત્યાં કકળાટ કંકણતણો, શ્રોતી નમિ ભૂપતિ;
સંવાદે પણ ઇંદ્રથી દૃઢ રહ્યો, એકત્વ સાચું કર્યું,
એવા એ મિથિલેશનું ચરિત આ, સંપૂર્ણ અત્રે થયું.

### અન્યત્વ ભાવના

(શાર્દૂલવિક્રીડિત)

ના મારાં તન રૂપ કાંતિ યુવતી, ના પુત્ર કે ભ્રાત ના,
ના મારાં ભૃત સ્નેહીઓ સ્વજન કે, ના ગોત્ર કે જ્ઞાત ના;
ના મારાં ધન ધામ યૌવન ધરા, એ મોહ અજ્ઞાત્વના;
રે! રે! જીવ વિચાર એમ જ સદા, અન્યત્વદા ભાવના.

**(શાર્દૂલવિક્રીડિત)**

દેખી આંગળી આપ એક અડવી, વૈરાગ્ય વેગે ગયા,
છાંડી રાજસમાજને ભરતજી, કૈવલ્યજ્ઞાની થયા,
ચોથું ચિત્ર પવિત્ર એ જ ચરિતે, પામ્યું અહીં પૂર્ણતા,
જ્ઞાનીનાં મન તેહ રંજન કરો, વૈરાગ્ય ભાવે યથા.

**અશુચિ ભાવના**

(ગીતિવૃત્ત)

ખાણ મૂત્ર ને મળની, રોગ જરાનું નિવાસનું ધામ;
કાયા એવી ગણીને, માન ત્યજીને કર સાર્થક આમ.

**નિવૃત્તિબોધ**

(નારાચ છન્દ)

અનંત સૌખ્ય નામ દુઃખ ત્યાં રહી ન મિત્રતા!
અનંત દુઃખ નામ સૌખ્ય પ્રેમ ત્યાં, વિચિત્રતા!!
ઉઘાડ ન્યાય-નેત્ર ને નિહાળ રે! નિહાળ તું;
નિવૃત્તિ શીઘ્રમેવ ધારી તે પ્રવૃત્તિ બાળ તું.

(દોહરા)

જ્ઞાન, ધ્યાન, વૈરાગ્યમય, ઉત્તમ જહાં વિચાર;
એ ભાવે શુભ ભાવના, તે ઊતરે ભવ પાર. ૧

જ્ઞાની કે અજ્ઞાની જન, સુખદુઃખ રહિત ન કોય;
જ્ઞાની વેદે ધૈર્યથી, અજ્ઞાની વેદે રોય. ૨

મંત્ર તંત્ર ઔષધ નહીં, જેથી પાપ પલાય;
વીતરાગ વાણી વિના, અવર ન કોઈ ઉપાય. ૩

જન્મ, જરા ને મૃત્યુ, મુખ્ય દુઃખના હેતુ;
કારણ તેનાં બે કહ્યાં, રાગ-દ્વેષ અણહેતુ. ૪

વચનામૃત વીતરાગનાં, પરમ શાંતરસ મૂળ;
ઔષધ જે ભવરોગનાં, કાયરને પ્રતિકૂળ. ૫

## (૮) સર્વમાન્ય ધર્મ

(ચોપાઈ)

ધર્મતત્ત્વ જો પૂછ્યું મને, તો સંભળાવું સ્નેહે તને;
જે સિદ્ધાંત સકળનો સાર, સર્વ માન્ય સહુને હિતકાર. ૧

ભાખ્યું ભાષણમાં ભગવાન, ધર્મ ન બીજો દયા સમાન;
અભયદાન સાથે સંતોષ, દ્યો પ્રાણીને દળવા દોષ. ૨

સત્ય શીળ ને સઘળાં દાન, દયા હોઈને રહ્યાં પ્રમાણ;
દયા નહીં તો એ નહિ એક, વિના સૂર્ય કિરણ નહિ દેખ. ૩

પુષ્પપાંખડી જ્યાં દુભાય, જિનવરની ત્યાં નહિ આજ્ઞાય;
સર્વ જીવનું ઇચ્છો સુખ, મહાવીરની શિક્ષા મુખ્ય. ૪

સર્વ દર્શને એ ઉપદેશ, એ એકાંતે, નહીં વિશેષ;
સર્વ પ્રકારે જિનનો બોધ, દયા દયા નિર્મળ અવિરોધ! ૫

એ ભવતારક સુંદર રાહ, ધરિયે તરિયે કરી ઉત્સાહ;
ધર્મ સકળનું એ શુભ મૂળ, એ વણ ધર્મ સદા પ્રતિકૂળ. ૬

તત્ત્વરૂપથી એ ઓળખે, તે જન પહોંચે શાશ્વત સુખે;
શાંતિનાથ ભગવાન પ્રસિદ્ધ, રાજચંદ્ર કરુણાએ સિદ્ધ. ૭

## (૯)

(ચોપાઈ)

૧ લોક પુરુષસંસ્થાને કહ્યો, એનો ભેદ તમે કંઈ લહ્યો?
એનું કારણ સમજ્યા કાંઈ, કે સમજાવ્યાની ચતુરાઈ? ૧

શરીર પરથી એ ઉપદેશ, જ્ઞાન દર્શને કે ઉદ્દેશ;
જેમ જણાવો સુણીએ તેમ, કાં તો લઈએ દઈએ ક્ષેમ. ૨

૨ શું કરવાથી પોતે સુખી? શું કરવાથી પોતે દુઃખી?
પોતે શું? ક્યાંથી છે આપ? એનો માગો શીઘ્ર જવાપ. ૧

૩ જ્યાં શંકા ત્યાં ગણ સંતાપ, જ્ઞાન તહાં શંકા નહિ સ્થાપ;
પ્રભુભક્તિ ત્યાં ઉત્તમ જ્ઞાન, પ્રભુ મેળવવા ગુરુ ભગવાન. ૧

ગુરુ ઓળખવા ઘટ વૈરાગ્ય, તે ઊપજવા પૂર્વિત ભાગ્ય;
તેમ નહીં તો કંઈ સત્સંગ; તેમ નહીં તો કંઈ દુઃખરંગ. ૨

૪ જે ગાયો તે સઘળે એક, સકળ દર્શને એ જ વિવેક;
સમજાવ્યાની શૈલી કરી, સ્યાદ્વાદ સમજણ પણ ખરી. ૧

મૂળ સ્થિતિ જો પૂછો મને, તો સોંપી દઉં યોગી કને;
પ્રથમ અંત ને મધ્યે એક; લોકરૂપ અલોકે દેખ. ૨

જીવાજીવ સ્થિતિને જોઈ, ટળ્યો ઓરતો શંકા ખોઈ;
એમ જ સ્થિતિ ત્યાં નહીં ઉપાય,'ઉપાય કાં નહીં?' શંકા જાય. ૩

એ આશ્ચર્ય જાણે તે જાણ, જાણે જ્યારે પ્રગટે ભાણ;
સમજે બંધમુક્તિયુત જીવ, નીરખી ટાળે શોક સદીવ. ૪

બંધયુક્ત જીવ કર્મ સહિત, પુદ્ગલ રચના કર્મ ખચીત;
પુદ્ગલજ્ઞાન પ્રથમ લે જાણ, નર દેહે પછી પામે ધ્યાન. ૫

જો કે પુદ્ગલનો એ દેહ, તોપણ ઓર સ્થિતિ ત્યાં છેહ;
સમજણ બીજી પછી કહીશ, જ્યારે ચિત્તે સ્થિર થઈશ. ૬

૫ જહાં રાગ અને વળી દ્વેષ, તહાં સર્વદા માનો ક્લેશ;
ઉદાસીનતાનો જ્યાં વાસ, સકળ દુઃખનો છે ત્યાં નાશ. ૧

સર્વ કાલનું છે ત્યાં જ્ઞાન, દેહ છતાં ત્યાં છે નિર્વાણ;
ભવ છેવટની છે એ દશા, રામ ધામ આવીને વસ્યા. ૨

---

## (૧૦)

(દોહરા)

૧ જડ ભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ;
કોઈ કોઈ પલટે નહીં, છોડી આપ સ્વભાવ. ૧

જડ તે જડ ત્રણ કાળમાં, ચેતન ચેતન તેમ;
પ્રગટ અનુભવરૂપ છે, સંશય તેમાં કેમ? ૨

જો જડ છે ત્રણ કાળમાં, ચેતન ચેતન હોય;
બંધ મોક્ષ તો નહિ ઘટે, નિવૃત્તિ પ્રવૃત્તિ ન્હોય. ૩

બંધ મોક્ષ સંયોગથી, જ્યાં લગ આત્મ અભાન;
પણ નહિ ત્યાગ સ્વભાવનો,ભાખે જિન ભગવાન. ૪

વર્તે બંધ પ્રસંગમાં, તે નિજપદ અજ્ઞાન;
પણ જડતા નહિ આત્મને, એ સિદ્ધાંત પ્રમાણ. ૫

ગ્રહે અરૂપી રૂપીને, એ અચરજની વાત;
જીવ બંધન જાણે નહીં, કેવો જિન સિદ્ધાંત. ૬

પ્રથમ દેહદૃષ્ટિ હતી, તેથી ભાસ્યો દેહ;
હવે દૃષ્ટિ થઈ આત્મમાં, ગયો દેહથી નેહ. ૭

જડ ચેતન સંયોગ આ, ખાણ અનાદિ અનંત;
કોઈ ન કર્ત્તા તેહનો, ભાખે જિન ભગવંત. ૮

મૂળ દ્રવ્ય ઉત્પન્ન નહિ, નહીં નાશ પણ તેમ;
અનુભવથી તે સિદ્ધ છે, ભાખે જિનવર એમ. ૯

હોય તેહનો નાશ નહિ, નહીં તેહ નહિ હોય;
એક સમય તે સૌ સમય, ભેદ અવસ્થા જોય.૧૦

૨ પરમ પુરુષ પ્રભુ સદ્ગુરુ,પરમ જ્ઞાન સુખધામ;
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ. ૧

---

## (૧૧)

(ગીતિ)

પંથ પરમપદ બોધ્યો, જેહ પ્રમાણે પરમ વીતરાગે;
તે અનુસરી કહીશું, પ્રણમીને તે પ્રભુ ભક્તિરાગે. ૧

મૂળ પરમપદ કારણ, સમ્યક્દર્શન જ્ઞાન ચરણ પૂર્ણ;
પ્રણમે એક સ્વભાવે, શુદ્ધ સમાધિ ત્યાં પરિપૂર્ણ. ૨

જે ચેતન જડ ભાવો, અવલોક્યા છે મુનીંદ્ર સર્વજ્ઞે;
તેવી અંતર આસ્થા, પ્રગટ્યે દર્શન કહ્યું છે તત્ત્વજ્ઞે. ૩

સમ્યક્ પ્રમાણ પૂર્વક, તે તે ભાવો જ્ઞાન વિષે ભાસે;
સમ્યગ્જ્ઞાન કહ્યું તે, સંશય, વિભ્રમ, મોહ ત્યાં નાશ્યે. ૪

વિષયારંભ – નિવૃત્તિ, રાગ-દ્વેષનો અભાવ જ્યાં થાય;
સહિત સમ્યક્દર્શન, શુદ્ધ ચરણ ત્યાં સમાધિ સદુપાય. ૫

ત્રણે અભિન્ન સ્વભાવે, પરિણમી આત્મસ્વરૂપ જ્યાં થાય;
પૂર્ણ પરમપદ પ્રાપ્તિ, નિશ્ચયથી ત્યાં અનન્ય સુખદાય. ૬

જીવ, અજીવ પદાર્થો, પુણ્ય, પાપ, આસ્રવ તથા બંધ;
સંવર, નિર્જરા, મોક્ષ, તત્ત્વ કહ્યાં નવ પદાર્થ સંબંધ. ૭

જીવ, અજીવ વિષે તે, નવે તત્ત્વનો સમાવેશ થાય;
વસ્તુ વિચાર વિશેષે, ભિન્ન પ્રબોધ્યા મહાન મુનિરાય. ૮

---

## (૧૨) કાળ કોઇને નહીં મૂકે

(હરિગીત)

મોતીતણી માળા ગળામાં મૂલ્યવંતી મલકતી,
હીરાતણા શુભ હારથી બહુ કંઠકાંતિ ઝળકતી;
આભૂષણોથી ઓપતા ભાગ્યા મરણને જોઈને,
જન જાણીંએ મન માનીંએ નવ કાળ મૂકે કોઈને. ૧

મણિમય મુગટ માથે ધરીને કર્ણ કુંડળ નાખતા,
કાંચન કડાં કરમાં ધરી કશીયે કચાશ ન રાખતા;
પળમાં પડ્યા પૃથ્વીપતિ એ ભાન ભૂતળ ખોઈને,
જન જાણીંએ મન માનીંએ નવ કાળ મૂકે કોઈને. ૨

દશ આંગળીમાં માંગલિક મુદ્રા જડિત માણિક્યથી,
જે પરમ પ્રેમે પે'રતા પોંચી કળા બારીકથી;
એ વેઢ વીંટી સર્વ છોડી ચાલિયા મુખ ધોઈને,
જન જાણીંએ મન માનીંએ નવ કાળ મૂકે કોઈને. ૩

મૂંછ વાંકડી કરી ફાંકડા થઈ લીંબુ ધરતા તે પરે,
કાપેલ રાખી કાતરા હરકોઈનાં હૈયાં હરે;
એ સાંકડીમાં આવિયા છટક્યા તજી સહુ સોઈને,
જન જાણીંએ મન માનીંએ નવ કાળ મૂકે કોઈને. ૪

છો ખંડના અધિરાજ જે ચંડે કરીને નીપજ્યા,
બ્રહ્માંડમાં બળવાન થઈને ભૂપ ભારે ઊપજ્યા;
એ ચતુર ચક્રી ચાલિયા હોતા નહોતા હોઈને,
જન જાણીંએ મન માનીંએ નવ કાળ મૂકે કોઈને. ૫

જે રાજનીતિનિપુણતામાં ન્યાયવંતા નીવડ્યા,
અવળા કર્યે જેના બધા સવળા સદા પાસા પડ્યા;

એ ભાગ્યશાળી ભાગિયા તે ખટપટો સૌ ખોઈને,
જન જાણૉએ મન માનૉએ નવ કાળ મૂકે કોઈને. ૬

તરવાર બહાદુર ટેકધારી પૂર્ણતામાં પેખિયા,
હાથી હણે હાથે કરી એ કેશરી સમ દેખિયા;
એવા ભલા ભડવીર તે અંતે રહેલા રોઈને,
જન જાણૉએ મન માનૉએ નવ કાળ મૂકે કોઈને. ૭

## (૧૩)

ૐ

બીજાં સાધન બહુ કર્યાં, કરી કલ્પના આપ;
અથવા અસદ્ગુરુ થકી, ઊલટો વધ્યો ઉતાપ.

પૂર્વ પુણ્યના ઉદયથી, મળ્યો સદ્ગુરુ યોગ;
વચનસુધા શ્રવણે જતાં, થયું હૃદય ગતશોગ.

નિશ્ચય એથી આવિયો, ટળશે અહીં ઉતાપ;
નિત્ય કર્યો સત્સંગ મેં, એક લક્ષથી આપ.

## (૧૪)

(હરિગીત)

જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો.

જો હોય પૂર્વ ભણેલ નવ પણ, જીવને જાણ્યો નહીં,
તો સર્વ તે અજ્ઞાન ભાખ્યું, સાક્ષી છે આગમ અહીં;
એ પૂર્વ સર્વ કહ્યાં વિશેષે, જીવ કરવા નિર્મળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૧

નહિ ગ્રંથમાંહી જ્ઞાન ભાખ્યું, જ્ઞાન નહિ કવિચાતુરી,
નહિ મંત્ર-તંત્રો જ્ઞાન દાખ્યાં, જ્ઞાન નહિ ભાષા ઠરી;

નહિ અન્ય સ્થાને જ્ઞાન ભાખ્યું, જ્ઞાન જ્ઞાનીમાં કળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૨

આ જીવ ને આ દેહ એવો, ભેદ જો ભાસ્યો નહીં,
પચખાણ કીધાં ત્યાં સુધી, મોક્ષાર્થ તે ભાખ્યાં નહીં;
એ પાંચમે અંગે કહ્યો, ઉપદેશ કેવળ નિર્મળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૩

કેવળ નહીં બ્રહ્મચર્યથી, .......................
કેવળ નહીં સંયમ થકી, પણ જ્ઞાન કેવળથી કળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૪

શાસ્ત્રો વિશેષ સહિત પણ જો, જાણિયું નિજ રૂપને,
કાં તેહવો આશ્રય કરજો, ભાવથી સાચા મને;
તો જ્ઞાન તેને ભાખિયું, જો સમ્મતિ આદિ સ્થળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૫

આઠ સમિતિ જાણીએ જો, જ્ઞાનીના પરમાર્થથી,
તો જ્ઞાન ભાખ્યું તેહને, અનુસાર તે મોક્ષાર્થથી;
નિજ કલ્પનાથી કોટિ શાસ્ત્રો, માત્ર મનનો આમળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૬

ચાર વેદ પુરાણ આદિ શાસ્ત્ર સૌ મિથ્યાત્વનાં,
શ્રીનંદીસૂત્રે ભાખિયા છે, ભેદ જ્યાં સિદ્ધાંતના;
પણ જ્ઞાનીને તે જ્ઞાન ભાસ્યાં, એ જ ઠેકાણે ઠરો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૭

વ્રત નહીં પચખાણ નહિ, નહિ ત્યાગ વસ્તુ કોઈનો,
મહાપદ્મ તીર્થંકર થશે, શ્રેણિક ઠાણાંગ જોઈ લો;

છેદ્યો અનંતા ..... ..... .....................
............................................... ૮

---

## (૧૫)

સદ્‌ગુરુના ઉપદેશથી, સમજે જિનનું રૂપ;
તો તે પામે નિજદશા, જિન છે આત્મસ્વરૂપ. ૧

પામ્યા શુદ્ધ સ્વભાવને, છે જિન તેથી પૂજ્ય;
સમજો જિનસ્વભાવ તો, આત્મભાનનો ગુજ્ય. ૨

સ્વરૂપસ્થિત ઇચ્છારહિત, વિચરે પૂર્વપ્રયોગ;
અપૂર્વ વાણી, પરમશ્રુત, સદ્‌ગુરુ લક્ષણ યોગ્ય. ૩

---

## (૧૬)

ૐ

**શ્રી જિનપરમાત્મને નમઃ**

૧ ઇચ્છે છે જે જોગી જન, અનંત સુખસ્વરૂપ;
મૂળ શુદ્ધ તે આત્મપદ, સયોગી જિનસ્વરૂપ. ૧

આત્મસ્વભાવ અગમ્ય તે, અવલંબન આધાર;
જિનપદથી દર્શાવિયો, તેહ સ્વરૂપ પ્રકાર. ૨

જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહિ કાંઈ;
લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાઈ. ૩

જિનપ્રવચન દુર્ગમ્યતા, થાકે અતિ મતિમાન;
અવલંબન શ્રી સદ્‌ગુરુ, સુગમ અને સુખખાણ. ૪

ઉપાસના જિનચરણની, અતિશય ભક્તિ સહિત;
મુનિજન સંગતિ રતિ અતિ, સંયમ યોગ ઘટિત. ૫

ગુણપ્રમોદ અતિશય રહે, રહે અંતર્મુખ યોગ;
પ્રાપ્તિ શ્રી સદ્‌ગુરુ વડે, જિનદર્શન અનુયોગ. ૬

પ્રવચન સમુદ્ર બિંદુમાં, ઊલટી આવે એમ;
પૂર્વ ચૌદની લબ્ધિનું, ઉદાહરણ પણ તેમ. ૭

વિષય વિકાર સહિત જે, રહ્યા મતિના યોગ;
પરિણામની વિષમતા, તેને યોગ અયોગ. ૮

મંદ વિષય ને સરળતા, સહ આજ્ઞા સુવિચાર;
કરુણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર. ૯

રોક્યા શબ્દાદિક વિષય, સંયમ સાધન રાગ;
જગત ઇષ્ટ નહિ આત્મથી,મધ્ય પાત્ર મહાભાગ્ય.૧૦

નહિ તૃષ્ણા જીવ્યાતણી, મરણયોગ નહિ ક્ષોભ;
મહાપાત્ર તે માર્ગના, પરમ યોગ જિતલોભ.૧૧

૨ આવ્યે બહુ સમદેશમાં, છાયા જાય સમાઈ;
આવ્યે તેમ સ્વભાવમાં, મન સ્વરૂપ પણ જાઈ. ૧

ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર;
અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર. ૨

૩ સુખધામ અનંત સુસંત ચહી,
દિન-રાત્ર રહે તદ્‌ધ્યાન મહીં;
પરશાંતિ અનંત સુધામય જે,
પ્રણમું પદ તે વર તે જય તે. ૧

# શ્રી રત્નરાજસ્વામીકૃત પદો

## (૧૭)

(રાગ ધોળ)

સુગુરુ નિત્ય સાંભરે; વ્હાલા શ્રી સહજાત્મ સ્વરૂપ;
અનામ અરૂપ રત્નત્રય-ભૂપ, સુગુરુ નિત્ય સાંભરે.

પંચમ આરે અવતર્યા રે, સદ્‌ગુરુ સત્ અવતાર;
મૂળમારગ પ્રગટ કર્યો, સ્વામી ખોલ્યાં છે મોક્ષનાં દ્વાર. સુ૦૧

શ્રી ગુરુરાજ ચંદ્ર સારીખા રે, વાણી અમૃતધાર;
મૃતથી સંજીવન કર્યાં, સ્વામી આત્મરત્નદાતાર. સુ૦૨

સદ્‌ગુરુ સવિતા સારીખા રે, કથની કિરણ વિચાર;
આ જડ જગની ભૂમિથી, સ્વામી ખેંચી લીધો નિજ સાર. સુ૦૩

આ ભવ અટવીને વિષે રે, સદ્‌ગુરુ સાર્થવાહ;
નિર્ભય નિજપુર દેશમાં, સ્વામી પહોંચાડે ગ્રહી બાંહ્ય. સુ૦૪

દુઃખ દરિયો ઓળંગવા રે, સદ્‌ગુરુ ઝાઝ સમાન;
બેસી જાઓ શિવદ્વીપમાં, ભવ્ય બાલક વૃદ્ધ યુવાન. સુ૦૫

કર ગ્રહીને સંબોધીઓ રે, શ્રી શુદ્ધ ચૈતન્ય સ્વામી;
સ્વરૂપાચરણ સમજાવીને, સ્વામી મેટી છે સઘળી ખામી. સુ૦૬

નિષ્કારણ કરુણા ઘણી રે, કર્યો અનંત ઉપકાર;
તાર્યા બહુ ભવ્ય જીવને, સ્વામી અંતર વ્રત ધરનાર. સુ૦૭

દરશે અંતરદર્શીને રે, શ્રી સદ્‌ગુરુપદમૂળ;
દરશે બાહિરદર્શીને રે, સત્યપુરુષનું ઉદયિક સ્થૂળ. સુ૦૮

ભાળ્યા વગરનું ભાવ તે રે, સાધારણ કહેવાય;
પણ સાક્ષાત્ પ્રત્યક્ષથી રે, પરોક્ષ તે પ્રત્યક્ષ થાય.સુ૦ ૯

સાક્ષાત્ પ્રત્યક્ષ સદ્‌ગુરુ રે, શ્રી ગુરુદેવ સહાય;
ઓળખિયા ગુરુરાયને, મારી ટળી છે અલાય બલાય.સુ૦૧૦

મહિમા સદ્‌ગુરુપદ તણી રે, વચને કેમ કહેવાય;
રત્નરાજ ગુરુદેવના, રહ્યા ચરણ શરણમાં સમાય.સુ૦૧૧

---

## (૧૮)

સહજાત્મ સ્વરૂપ સુણો વિનતી રે,
હું તો વિનવું વિનયે દિન રાત, મારા નાથ,
હવે ન ચૂકું તારી ચાકરી રે;

મારા આત્મા તણી કરો ઉન્નતિ રે,
તમે સાચા મારા માત તાત, મારા નાથ. હવે૦

હું તો બાળપણે ન ઓળખી શક્યો રે,
મેં તો જાણી સાધારણ વાત; મારા નાથ. હવે૦

પછી મત મમતે ઉન્મત્ત થયો રે,
મેં તો કીધા અનેક ઉતપાત. મારા નાથ. હવે૦

કોઈ પૂર્વના શુભ સંસ્કારથી રે,
મેં તો સુણ્યા તારા અવદાત, મારા નાથ. હવે૦

વળી વચનામૃત સુવિચારિયાં રે,
મને લાગ્યાં તે ખરાં ખરેખાત, મારા નાથ. હવે૦

તારા કૃપાના પાત્રની કૃપા વડે રે,
મને મળ્યા તુમે સાક્ષાત્, મારા નાથ. હવે૦

પ્રભુ કેમ ભૂલું કોઈ કાળમાં રે,
મને સંબોધ્યો ગ્રહી હાથ; મારા નાથ. હવે૦

મેં તો પ્રત્યક્ષ સદ્‌ગુરુ ભેટિયા રે,
મારો અંતરાત્મા હર્ષાત. મારા નાથ. હવે૦

હું તો પૂર્વ ભણેલ સર્વ ભૂલિયો રે,
મેં તો પામી અપૂરવ વાત; મારા નાથ. હવે૦

મારે અસત્સંગની [૧]આખડી રે,
સત્ય સંગે હૃદય ઉલ્લસાત. મારા નાથ. હવે૦

મને ડાહ્યા ગણાતા ગણે ગાંડિયો રે,
તેથી અંતરંગ નહિ અકળાત; મારા નાથ. હવે૦

મને ભ્રષ્ટ ગણીને ભાંડે ઘણા રે,
તે સુણી સુણી થઉં રળિયાત. મારા નાથ. હવે૦

કદી ઘોર પરિષહ ઊપજે રે,
તેની ચિંતા નહીં તિલ માત; મારા નાથ. હવે૦

પણ વ્હાલા તમારા વિયોગનો રે,
દુઃખ નિમિષ માત્ર ન સહાત; મારા નાથ. હવે૦

મને દીજે અખંડ ઉપાસના રે,
સદ્‌ગુરુ સત્સંગનો સાથ. મારા નાથ. હવે૦

વળી રત્નત્રયની દીજે ઐક્યતા રે,
હું તો માગું ચરણ ધરી માથ, મારા નાથ. હવે૦

---

૧. પ્રતિજ્ઞા

## (૧૯)

અમને અંત સમય ઉપકારી વ્હેલા આવજો રે—

શ્રીમદ્ સદ્ગુરુ નામ તમારું, પ્રાણ જતા પણ ન કરું ન્યારું,
મનહર મંગળ મૂર્તિ મને બતાવજો રે - અમને૦

વિકટ સમય સાચવજો વ્હાલા, કહું કોટિ કરી કાલાવાલા;
આવી દીનદયાળ દયા દરશાવજો રે - અમને૦

વસમી અંત સમયની વેળા, વ્હારે ધાજો વ્હાલા વ્હેલા;
પ્રણતપાળનું પહેલાં પણ પરખાવજો રે - અમને૦

મરકટ જેવું મન અમારું, તત્ત્વતઃ તોડે તાન તમારું;
અંતરનું અંધારું સદ્ય શમાવજો રે - અમને૦

દેજો દર્શન જનમનહારી, પરમ કૃપાળુ બિરુદ વિચારી,
રત્નત્રય બલિહારી બાપ બચાવજો રે - અમને૦

---

## (૨૦)

(રાગ પીલૂ બરવો)

દર્શન દ્યો ગુરુરાજ વિદેહી,
તુમ બિન દુઃખ પાવત મુજ દેહી.

શ્રી સહજાત્મ સ્વરૂપ સોહાવે,
શ્રી શુદ્ધ ચૈતન્ય સ્વામી ભાવે. દ૦ ૧

શ્રીમદ્ સદ્ગુરુ અગમ અપારા,
કેહી કારણ કહો મોય બિસારા ? દ૦ ૨

ગૃહ જગજાલ ન પલક સોહાવે,
ભોર ભયો મોંસે રહ્યા ન જાવે. દ૦ ૩

નેક ન રહી શકું નિરધારા,
હરદમ પંથ નિહારું તિહારા. દ૦ ૪

અન્ન નહીં ભાવે નીંદ ન આવે,
બેર બેર મોય બિરહ સતાવે. દ૦ ૫

જૈસે મીન મરે બિન વારી,
તૈસે તુમ બિન દશા હમારી. દ૦ ૬

જૈસે મણિ બિન ફણિ વિકરાળા,
તૈસે તુમ બિન હાલ હમારા. દ૦ ૭

જૈસે માત બિન બાલ બિચારા,
તૈસે તુમ બિન હમ ઓસિયારા. દ૦ ૮

રત્નત્રયીમેં તુમ એક અપ્પા,
મેટી ત્રિપુટી અબ તો ન તપ્પા. દ૦ ૯

---

## (૨૧)

મૈં દિવાના રાજકા મુઝે મત કોઈ કહો;
હરકિસીકૂં માર બેઠૂંગા તુમ દૂર ખડે રહો. મૈં૦

ચઢી ખુમારી પ્રેમકી પિયુ પિયુ પુકારૂં,
મનમેં ઐસા આવે હૈ, જિસ કિસકો મૈં મારૂં. મૈં૦

મેરે ઘટમેં રાજ હૈં, દૂજા નિજર નાવે,
જો કોઉ આવે બિચમેં સો, તો શિરમાંહી ખાવે. મૈં૦

[1]હસ્તિકા હિસાબ નહીં, ઔર [2]વાઘકો મૈં મારૂં,
[3]સિંહકા ડેરા ઢૂંઢતા, વન વનમેં પુકારૂં. મૈં૦

---

૧.દેહાભિમાનરૂપ હસ્તી ૨.કપટરૂપ વાઘ. ૩. રાગરૂપ કેશરીસિંહ.

મૈં મેરા [1]ઘર [2]જાર દિયા ઔરનકા મૈં જારૂં,
જો કોઉ મેરે સંગ લગે તાકો મૈં પાર ઉતારૂં. મૈં૦

એક [3]સમશેર મેરે હાથમેં, સત્યનામ ખરેકી;
[4]લરના હોય તો આય લરો, મુઝે હોંસ લરેકી. મૈં૦

સદ્‌પિયાલા પ્રેમકા, સદ્‌ગુરુને પિલાયા;
અબ તો ભયે અલમસ્ત રત્નત્રયકૂં પાયા. મૈં૦

## (૨૨)

ગુરુ ઘેર આવ્યા તે દિવાળી,
રહું રે મારા નાથને નિત્ય નિહાળી. ગુરુ૦
શ્રી સહજાત્મ સ્વરૂપ ધ્યાવું;
શુદ્ધ ચૈતન્ય સ્વામીના ગુણ ગાઉં;

શ્રીમદ્ સદ્‌ગુરુ પદ શિર નામું,
ગુરુ ઘેર આવ્યા તે દિવાળી. ૧

સખી રે આજ આનંદની હેલી,
વ્હાલાને વધાવું ફ્લેલી ફ્લેલી;

ફિરું રે હું તો ઘરમાં ઘેલી ઘેલી,
ગુરુ ઘેર આવ્યા તે દિવાળી. ૨

પ્રભુજીએ પ્રીત પૂરવની પાળી,
હેતે ઘેર આવ્યા હાલી ચાલી;
લાગી રે મને ગુરુપદશું તાલી,
ગુરુ ઘેર આવ્યા તે દિવાળી. ૩

૧.કાર્મણરૂપ સૂક્ષ્મ શરીર. ૨. બાળી નાંખ્યું. ૩. તરવાર. ૪. લડવું

પ્રીતલડીના બાંધ્યા પ્રભુજી આવ્યા,
સુખડાં મારા સ્વરૂપ તણાં લાવ્યાં;
મહાપ્રભુ મારા મનડામાં ભાવ્યા,
ગુરુ ઘેર આવ્યા તે દિવાળી. ૪

કૃપાળુની કીકી કામણગારી,
તેમાં સખી સુરતા સમાઈ મારી;
લીધું રે મેં તો નિજપદ સંભારી,
ગુરુ ઘેર આવ્યા તે દિવાળી. ૫

વ્હાલાજીનાં વ્હાલાં લાગે વેણાં,
સ્વરૂપ જોઈ ઠરે મારાં નેણાં;
ભાગ્યાં રે મારાં ભવભવનાં મેણાં,
ગુરુ ઘેર આવ્યા તે દિવાળી. ૬

યોગીશ્વરના યોગબલે આલી,
વિજાતિ વૃત્તિ સર્વે વાળી;
સ્વજાતિની પ્રવહે પ્રણાલી,
ગુરુ ઘેર આવ્યા તે દિવાળી. ૭

દીવલડા તો દિલમાં અજવાળ્યા,
પરમગુરુ પોતામાં ભાળ્યા;
ગયા દિન દાસ તણા વાળ્યા,
ગુરુ ઘેર આવ્યા તે દિવાળી. ૮

પ્રભુપદ પ્રીતિ પ્રતીતિ વાધી,
આત્માર્થે આજ્ઞા આરાધી;
સમ્યક્ રત્નત્રયની એકતા સાધી,
ગુરુ ઘેર આવ્યા તે દિવાળી. ૯

# શ્રી આનંદઘનજીકૃત પદો

(૨૩)

ઐસે અરિહંતકે ગુણ ગાવ રે મના
ઐસે ભગવંતકે ગુણ ગાવ રે મના;
ઐસે જિનચરણે ચિત્ત લાવ રે મના,
ઐસે ગુરુચરણે ચિત્ત લાવ રે મના.

ઉદર ભરણકે કારણે રે, ગૌઆં વનમેં જાય,
ચાર ચરે ચિહું દિશિ ફિરે રે,
વાકી સુરતી બછરવાં માંય રે મના. ઐસે૦ ૧

સાત પાઁચ સાહેલિયાં રે, હિલમિલ પાની જાય,
તાલી દિયે ખડખડ હસે રે,
વાકી સુરતી ગગરવા માંય રે મના. ઐસે૦ ૨

નટુઓ નાચે ચોકમાં રે, લોક કરે લખ શોર,
વાંસ ગ્રહી વરતે ચઢે રે,
વાકો ચિત્ત ન ચલે કહું ઠોર રે મના. ઐસે૦ ૩

જૂઆરી મનમેં જૂઆ રે, કામીકે મન કામ,
આનંદઘન પ્રભુ યૂં કહે રે,
ઇમ લ્યૌ ભગવંતકો નામ રે મના. ઐસે૦ ૪

(૨૪)

અબ હમ અમર ભયે ન મરેંગે, અબ૦
યા કારણ મિથ્યાત્વ દિયો તજ, ક્યૂં કર દેહ ધરેંગે? અબ૦૧

રાગ દોષ જગ બંધ કરત હે, ઇનકો નાશ કરેંગે;
મર્યો અનંતકાલ તેં પ્રાની, સો હમ કાલ હરેંગે. અબ૦૨

દેહ વિનાશી હું અવિનાશી, અપની ગતિ પકરેંગે;
નાશી જાશી હમ થિર વાસી, ચોખે વ્હૈં નિખરેંગે. અબ૦૩

મર્યો અનંતવાર બિન સમજ્યો, અબ સુખ દુઃખ વિસરેંગે;
આનંદઘન નિપટ નિકટ અક્ષર દો, નહિ સમરે સો મરેંગે. અબ૦૪

---

## (૨૫)

આશા ઔરનકી ક્યા કીજે, જ્ઞાન સુધારસ પીજે; આશા૦

ભટકે દ્વાર દ્વાર લોકનકે, કુક્કર આશાધારી;
આતમ અનુભવરસકે રસિયા, ઊતરે ન કબહુ ખુમારી. આશા૦૧

આશા દાસીકે જે જાયા, તે જન જગકે દાસા;
આશા દાસી કરે જે નાયક, લાયક અનુભવ પ્યાસા. આશા૦૨

મનસા પ્યાલા પ્રેમ મસાલા, બ્રહ્મઅગ્નિ પરજાલી;
તન ભાઠી અવટાઈ પિયે કસ, જાગે અનુભવ લાલી. આશા૦૩

અગમ પિયાલા પીઓ મતવાલા, ચિન્હો અધ્યાતમ વાસા;
આનંદઘન ચેતના વ્હૈ ખેલે, દેખે લોક તમાસા. આશા૦૪

---

## (૨૬)

બેર બેર નહીં આવે, અવસર બેર બેર નહીં આવે;
જ્યું જાણે તું કર લે ભલાઈ, જનમ જનમ સુખ પાવે. અ૦

તન-ધન-જોબન સબ હી જૂઠા, પ્રાણ પલકમેં જાવે;
તન છૂટે ધન કૌન કામકા, કાહેકું કૃપણ કહાવે. અ૦

જાકે દિલમેં સાચ બસત હૈ, તાકૂં જૂઠ ન ભાવે;
આનંદઘન પ્રભુ ચલત પંથમેં, સમરિ સમરિ ગુણ ગાવૈ. અ૦

# શ્રી ચિદાનંદજી કૃત પદો

**(૨૭)**

સોહં સોહં સોહં સોહં સોહં સોહં રટના લગીરી. સોહં૦

ઇંગલા પિંગલા સુખમના સાધકે, અરુણ પ્રતિથી પ્રેમ પગીરી;
બંકનાલ ખટચક્ર ભેદકે, દશમદ્વાર શુભજ્યોતિ જગીરી.
સોહં૦ ૧

ખુલત કપાટ ઘાટ નિજ પાયો, જનમ જરા ભય ભીતિ ભગીરી;
કાચ શકલ દે ચિંતામણિ લે, કુમતા કુટિલકું સહજ ઠગીરી.
સોહં૦ ૨

વ્યાપક સકલ સ્વરૂપ લખ્યો ઇમ, જિમ નભમેં મગ લહત ખગીરી;
ચિદાનંદ આનંદ મૂરતિ, નિરખ પ્રેમભર બુદ્ધિ થગીરી.
સોહં૦ ૩

---

**(૨૮)**

લઘુતા મેરે મન માની, લઈ ગુરુગમ જ્ઞાન નિશાની.

મદ અષ્ટ જિનોંને ધારે, તે દુર્ગતિ ગયે બિચારે;
દેખો જગતમેં પ્રાની, દુઃખ લહત અધિક અભિમાની. લ૦ ૧

શશી સૂરજ બડે કહાવે, તે રાહુકે બશ આવે;
તારાગણ લઘુતા ધારી, સ્વર્ભાનુ ભીતિ નિવારી. લ૦ ૨

છોટી અતિ [૧]જોયણગંધી, લહે ખટરસ સ્વાદ સુગંધી;
કરટી[૨] મોટાઈ ધારે, તે છાર શિરપર ડારે. લ૦ ૩

જબ બાલ ચંદ હોઈ આવે, તબ સહુ જગ દેખણ ધાવે;
પૂનમ દિન બડા કહાવે, તબ ક્ષીણ કલા હો જાવે. લ૦ ૪

---

૧. કીડી ૨. કરી, હાથી

ગુરુવાઈ મનમેં વેદે, નૃપ શ્રવણ નાસિકા છેદે;
અંગમાંહે લઘુ કહાવે, તે કારણ ચરણ પુજાવે. લ૦ ૫

શિશુ રાજધામમેં જાવે, સખી હિલમિલ ગોદ ખિલાવે;
હોય બડા જાણ નવિ પાવે, જાવે તો સીસ કપાવે. લ૦ ૬

અંતર મદભાવ વહાવે, તબ ત્રિભુવનનાથ કહાવે;
ઇમ ચિદાનંદ એ ગાવે, રહણી વિરલા કોઉ પાવે. લ૦ ૭

## (૨૯)

વિરથા જનમ ગમાયો મૂરખ નર, વિરથા૦

રંચક સુખરસ વશ હોય ચેતન, અપનો મૂલ નસાયો;
પાંચ મિથ્યાત ધાર તૂ અજહૂં, સાચ ભેદ નવિ પાયો. મૂ૦૧

કનકકામિની અરુ એહથી, નેહ નિરંતર લાયો;
તાહુંથી તૂ ફિરત સુરાનો, કનકબીજ માનૂં ખાયો. મૂ૦૨

જનમ-જરા-મરણાદિક દુઃખમેં, કાલ અનંત ગમાયો;
અરહટ ઘટિકા જિમ કહો યાકો, અંત અજહૂં નહીં આયો. મૂ૦૩

લખ ચોરાસી પહેર્યા ચોલના, નવ નવ રૂપ બનાયો;
બિન સમકિત સુધારસ ચાખ્યા, ગિનતી કોઉ ન ગિનાયો. મૂ૦૪

અતિ પર નવિ માનત મૂરખ, એ અચરિજ ચિત્ત આયો;
ચિદાનંદ તે ધન્ય જગતમેં, જિણે પ્રભુશું મન લાયો. મૂ૦૫

## (૩૦)

સમઝ પરી મોહે સમઝ પરી, જગમાયા સબ ઝૂઠી મોહે સમઝ પરી,
કાલ કાલ તૂ ક્યા કરે મૂરખ, નાહી ભરૂસો પલ એક ઘરી. જગ૦
ગાફિલ છિનભર નાહી રહો તુમ, શિર પર ઘૂમે તેરે કાલ અરિ. જગ૦
ચિદાનંદ એ બાત હમારી પ્યારે, જાણો મિત્ત મનમાંહે ખરી. જગ૦

## (૩૧)

મુસાફિર! રૈન રહી અબ થોરી.

જાગ જાગ તૂ નીંદ ત્યાગ દે, હોત વસ્તૂકી ચોરી. મુસાફિર૦ ૧

મંજિલ દૂર ભર્યો ભવસાગર, માન ઉર મતિ મોરી. મુસાફિર૦ ૨

ચિદાનંદ ચેતનમય મૂરત, દેખ હૃદય દ્રગ જોરી. મુસાફિર૦ ૩

## (૩૨)

જગ સુપનેકી માયા રે નર! જગ સુપનેકી માયા.

સુપને રાજ પાય કોઉ રંક જ્યું, કરત કાજ મન ભાયા;
ઉઘરત નયન હાથ લખ ખપ્પર, મન હું મન પછતાયા.
રે નર! જગ સુપનેકી માયા. ૧

ચપળા ચમત્કાર જિમ ચંચળ, નરભવ સૂત્ર બતાયા;
અંજલીજળ સમ જગપતિ જિનવર, આયુ અથિર દરસાયા.
રે નર! જગ સુપનેકી માયા. ૨

યૌવન સંધ્યારાગ રૂપ ફુનિ, મળ મલિન અતિ કાયા;
વિણસત જાસ વિલંબ ન રંચક, જિમ તરુવરકી છાયા;
રે નર! જગ સુપનેકી માયા. ૩

સરિતાવેગ સમાન જ્યું સંપતિ, સ્વારથ સુત મિત જાયા;
આમિષલુબ્ધ મીન જિમ તિન સંગ, મોહજાળ બંધાયા.
રે નર! જગ સુપનેકી માયા. ૪

એ સંસાર અસાર સાર પિણ, યામેં ઇતના પાયા;
ચિદાનંદ પ્રભુ! સુમરન સેંતિ, ધરિયે નેહ સવાયા.
રે નર! જગ સુપનેકી માયા. ૫

# પૂજ્ય શ્રી બ્રહ્મચારીજીકૃત પદો

## (૩૩) વીર હાક

વારસ અહો! મહાવીરના શૂરવીરતા રેલાવજો,
કાયર બનો ના કોઈ દી કષ્ટો સદા કંપાવજો;
રે! સિંહનાં સંતાનને શિયાળ શું કરનાર છે!
મરણાંત સંકટમાં ટકે, તે ટેકના ધરનાર છે. ૧

કાયા તણી દરકાર શી! જો શત્રુવટ સમજાય તો,
કુળવંત કુળવટ ના તજે, શું સિંહ તરણાં ખાય જો!
સર્વજ્ઞની સમજણ ગ્રહે તે મરણને શાને ગણે!
ક્ષત્રિય જો વીર-હાક સુણે તો ચઢે ઝટ તે રણે. ૨

ખંધક મુનિના શિષ્ય સૌ ઘાણી વિષે પિલાઈને,
સંકટ સહી સર્વોપરી પામ્યા પરમ પદ ભાઈ તે;
નિજ અમર આત્માને સ્મરીને અમરતા વરતા ઘણા,
એ મોક્ષગામી સત્પુરુષના ચરણમાં હો વંદના! ૩

સંગ્રામ આ શૂરવીરનો આવ્યો અપૂર્વ દીપાવજો,
કરતા ન પાછી પાની ત્યાં ગુરુરાજ પડખે ભાવજો;
સમતા, સહનશીલતા, ક્ષમા, ધીરજ, સમાધિમરણમાં,
મિત્રો સમાન સહાય કરશે; મન ધરો પ્રભુ ચરણમાં. ૪

કેવળ અસંગ દશા વરો, પ્રતિબંધ સર્વે ટાળજો,
સ્વચ્છંદ છોડી શુદ્ધ ભાવે સર્વમાં પ્રભુ ભાળજો;
દુશ્મન પ્રમાદ હણી હવે જાગૃત રહો, જાગૃત રહો!
સદ્‌ગુરુ-શરણે હૃદય રાખી, અભય આનંદિત હો! ૫

## (૩૪) જિનવર દર્શન

### પ્રાસ્તાવિક પદ્ય–

(ધન્ય રે દિવસ આ અહો, જાગી રે શાંતિ અપૂર્વ રે—એ રાગ)

૧ ધન્ય રે દિવસ આ અહો! પ્રભુ દર્શન આજ પમાય રે,
સુધર્મ પ્રભાત પ્રગટ થતાં, દુઃખસ્વપ્નની રાત્રિ ગમાય રે. ધ૦

૨ મોહ અંધારે હું આથડ્યો, વીત્યો રે કાળ અનંત રે,
માર્ગદર્શક સત્ય ના મળ્યા, દીઠા નહિ ભગવંત રે. ધ૦

૩ મારું મારું પરને ગણ્યું, ધરી વેશ અનેક પ્રકાર રે;
ત્રિવિધ તાપમાં હું બળ્યો, ટળ્યો નહિ અહંકાર રે. ધ૦

૪ ભીડ-ભંજન ભગવંત તું, ગ્રહું શરણ અનન્ય રે;
ચરણકમળમાં રાખજો, ગુરુકૃપા કરે ધન્ય રે. ધ૦

૫ જ્ઞાન અનંતાનંત તુજ, દર્શન મોક્ષસ્વરૂપ રે;
અચળ અનંત છે શક્તિ તુજ, મુજ લક્ષ રહો એ રૂપ રે. ધ૦

(રાગ-એનું સ્વપ્ને જો દર્શન પામે રે, તેનું મન ન ચઢે બીજે ભામે રે)

તારાં દર્શનથી જિનરાજ રે, સર્યાં સર્યાં મારાં સહુ કાજ રે;
ભમ્યો અંધ બની ભવ માંહી રે, કાળ અનંત પામ્યો ન કાંઈ રે. ૧

તારાં દર્શનથી જિનરાજ રે, મારાં નયન સફળ થયાં આજ રે;
શીઘ્ર શીતળ તન મન થાય રે, જાણે આજ અમૃત વરસાય રે. ૨

તારાં દર્શનથી જિનરાજ રે, ટળ્યાં મોહ-પડળ મુજ આજ રે;
વાસ્તવિક વસ્તુનું સ્વરૂપ રે, હતું તેવું દીઠું મેં અનૂપ રે. ૩

તારાં દર્શનથી જિનરાય રે, ઉર આનંદ આજ ન માય રે;
હવે આત્મા ન ઇચ્છે કાંઈ રે, જાણે મુક્ત થયો હું આંહી રે. ૪

તારાં દર્શનથી જિનરાય રે, મારાં મહા પાપોય પળાય રે;
રવિ ઊગ્યે ન લાગે વાર રે, જાય રાત્રિ તણો અંધકાર રે. ૫

તારાં દર્શનથી જિનરાજ રે, એવો પુણ્ય-ઉદય મને થાય રે;
જેથી આ ભવમાં રિદ્ધિ પામી રે, થાય પરભવમાં સિદ્ધિસ્વામી રે. ૬

તારાં દર્શનથી જિનરાય રે, એવો પુણ્ય-લાભ મને થાય રે;
જેથી થશે અનુપમ સુખ રે, અક્ષય મોક્ષથી ટળશે દુઃખ રે. ૭

તારાં દર્શનથી જિનરાય રે, સંતોષ પરમ મને થાય રે;
ઇન્દ્રવૈભવ પણ તૃણ લાગે રે, લેશ તૃષ્ણા નહિ ઉરે જાગે રે. ૮

તારાં દર્શન તો ભગવંત રે, નિર્વિકાર ને ઉપશમવંત રે;
તેથી ઉલ્લાસ જેને ન થાય રે, તેનાં જન્મ મરણ નહિ જાય રે. ૯

તારાં દર્શન કરી જિનરાય રે, બીજાં કામે મારું મન જાય રે;
તે તો પૂર્વકર્મોનો દોષ રે, રહે ઉર અતિશય રોષ રે. ૧૦

તારાં દર્શનથી જિનનાથ રે, ભવાંતરની જવા દ્યો વાત રે;
આ ભવમાં ઝટ સુખ થાય રે, દુઃખમાત્ર દર્શનથી જાય રે. ૧૧

તારાં દર્શનથી જિનરાય રે, દિન આજ ઉત્તમ ગણાય રે;
બીજા બધા દિનોમાં આજ રે, સફળતાથી બની શિરતાજ રે. ૧૨

તારાં દર્શનથી ભગવંત રે, માનું મંદિર બહુ મૂલ્યવંત રે;
સર્વ સંપત્તિસૂચક સ્થાન રે, થાય સૌભાગ્યનું અનુમાન રે. ૧૩

તારાં દર્શનથી જિનરાય રે, ભક્તિ જળથી ક્ષેત્ર ભીંજાય રે;
દિલે રોમાંચ જે દેખાય રે, પુણ્ય અંકુર સમ સોહાય રે. ૧૪

તારાં દર્શનથી જિનભૂપ રે, શ્રુત અમૃતસાગર રૂપ રે;
રાગી, દ્વેષી દેવો ન મનાય રે, કેમ કાચ તે હીરા ગણાય રે? ૧૫

તારાં દર્શનથી જિનરાય રે, મોક્ષ દુર્લભ, તોયે થાય રે;
મનનો મિથ્યાત્વ મળ જો જાય રે, તો તો મોક્ષ સમીપ ભળાય રે. ૧૬

તારાં દર્શન હે જિનરાય! રે, ચર્મચક્ષુથી પણ જો થાય રે;
તો તે પુણ્યે નયન દિવ્ય પામે રે, કેવળજ્ઞાન ને દર્શન નામે રે. ૧૭

તારાં દર્શનથી જિનરાય રે, કૃતકૃત્યતા જો ન મનાય રે;
ભવસાગરે ડૂબકાં ખાય રે, બહુકાળ એનો એળે જાય રે. ૧૮

તારાં દર્શનથી જિનરાય રે, નિશ્ચય દૃષ્ટિથી જે કંઈ થાય રે;
સ્વાનુભવમાં આવે, ન કહાય રે, વચનાતીત કેમ વદાય રે? ૧૯

તારાં દર્શનથી જિનભૂપ રે, અહો! કેવળજ્ઞાન સ્વરૂપ રે;
હવે દર્શન-શુદ્ધિ પામી રે, માનું પરનો નહિ હું સ્વામી રે. ૨૦

તારાં દર્શનથી જિનરાય રે, થાય દૃષ્ટિ નિર્મળ સુખસાજ રે;
પછી સૂરજનું શું કામ રે, અતિ પ્રતાપી આતમરામ રે. ૨૧

તારાં દર્શન તો જિનભૂપ રે, કેવળજ્ઞાન નિર્દોષ સ્વરૂપ રે;
વીર વગર દૃષ્ટિ ક્યાં માણે રે, નભે તો દોષાકર જડ જાણે રે. ૨૨

તારાં દર્શનથી જિનરાય રે, નિસ્તેજ જેવાં આ જણાય રે;
ચિંતામણિ, સુરતરુ, કામધેનુ રે, તડકે આગીઆ તેજ શાનું રે? ૨૩

તારાં દર્શનથી જિનરાય રે, મનમાં પ્રેમરસ ઊભરાય રે;
અંદરથી એ બાહેર આવે રે, આનંદ-અશ્રુરૂપે સુહાવે રે. ૨૪

તારાં દર્શનથી જિનરાય રે, કલ્યાણ પરંપરા ધાય રે;
વગર તેડે એ આગળ હાલે રે, ચંદ્ર પહેલાં કિરણ જેમ ચાલે રે. ૨૫

તારાં દર્શનથી જિનરાય રે, દશ દિશાવેલી ફળી આજ રે;
ફૂલ્યા વિનાય ઇષ્ટ અપાય રે, રત્નવૃષ્ટિ આકાશથી થાય રે. ૨૬

તારાં દર્શનથી જિનરાય રે, મોહ-નિદ્રા ને ભય દૂર થાય રે;
જેમ કુમુદ ચાંદની માંય રે, સરોવરમાં પ્રફુલ્લિત હોય રે. ૨૭

તારાં દર્શનથી જિનરાય રે, મહાસુખ ઉરે ઉલસાય રે;
જેમ ચંદ્ર પૂનમનો જોઈ રે, ઊછળે ઉદધિ ધૃતિ ખોઈ રે. ૨૮

તારાં દર્શનથી જિનરાય રે, ઉરમાં આનંદ નહિ માય રે;
ઇન્દ્ર નેત્ર હજાર બનાવે રે, તોય આનંદ આવો ન આવે રે. ૨૯

તારાં દર્શનથી જિનરાય રે, મુજ મિત્ર આ ભવ પણ થાય રે;
તુજ દર્શન આ ભવે પામ્યો રે, સઘળો શોક જેથી વિરામ્યો રે. ૩૦

તારાં દર્શનથી જિનરાય રે, ભક્તિરાગી ભવ્યોને થાય રે;
લીલામાત્રમાં સિદ્ધિ સઘળીરે, પહેલાં શ્રમથી પણ જે ન મળી રે. ૩૧

તારાં દર્શનથી જિનરાય રે, શુભ ગતિનું સાધન થાય રે;
મરણકાળે ધીરજ એથી આવે રે, નિર્ભય થઈ પરલોકે જાવે રે. ૩૨

તારાં દર્શનથી જિનરાય રે, પ્રાપ્તિ ચરણકમળની થાય રે;
જેથી બાકી રહે નહિ કાંઈ રે, કોને દર્શન ઇચ્છા નાંહી રે. ૩૩

તારાં દર્શનથી જિનરાય રે, પદ્મનંદિ-દર્શન સ્તુતિ કાજ રે;
ત્રિકાળ પ્રભુ, જે ભણશે રે, જન્મ મરણ તે નિજ હણશે રે. ૩૪

તારાં દર્શનથી જિનરાય રે, થયું સ્તવન જન સુખદાય રે;
ભવ્યને ભણવા યોગ્ય ભાળ રે, જગમાં જય પામો ત્રિકાળ રે. ૩૫

તારાં દર્શનથી જિનરાય રે, (ગુરુરાયરે) જીવન-વસંત સમ્યક્ થાય રે;
અનુવાદ થયો ગુરુ શરણે રે, વસંતપંચમીએ સંત ચરણે રે. ૩૬

## (૩૫)

શ્રી ચંદ્રકવિ કૃત

# વૈરાગ્ય મણિમાળા

પદ્યાવતરણ

કૃપા પરમ કૃપાળુની, સંત ચરણની છાંય;
અપૂર્વ બોધ, વિરાગતા, તારે ગ્રહી અમ બાંહ્ય.

क्षणमपि सज्जनसंगतिरेका भवति भवार्णवतरणे नौका

ચિંતવ પદ પરમાતમ પ્યારે, યોગીજનો જે પદ ઉર ધારે;
જહાજ બની ભવજળથી તારે, કેવલ બોધ સુધારસ ધારે. ૧

તજ તૃષ્ણા ધન આદિક કેરી, મૂક મમતા, ટળશે ભવ ફેરી;
ધરી ચારિત્ર સદા શીલ પાળે, શિવરમણી સુખ તો તું ભાળે. ૨

વિચાર વિનાશી શરીર સગાઈ, માત, પિતા, સ્ત્રી, ધન, સુત, ભાઈ;
વાંછે છે જીવ અતિશય આને, મૂઢ મરણ દેખે નહિ શાને? ૩

બાળ વયે ક્રીડામાં રાચે, યૌવનમાં રમણીશું માચે;
ઘડપણમાં પણ ધનની આશા, હે જીવ! જો તુજ દુષ્ટ તમાસા. ૪

યૌવનની શી કરવી માયા? જળ પરપોટા જેવી કાયા;
જાવું પડશે નરકે મરીને? આવી ધનની આશા કરીને. ૫

ભવ તરવા ઇચ્છે જો ભાઈ, સંત શિખામણ સુણ સુખદાઈ;
કામ ક્રોધ ને મોહ તજી દે, સમ્યગ્જ્ઞાન સમાધિ સજી લે. ૬

કોણ પતિ પત્ની, પુત્રો તુજ? દુઃખમય પણ સંસાર ગણે મુજ;
પૂર્વ ભવે પાપે પીડેલો, કોણ હતો કર્મે જકડેલો? ૭

સંસારી શરણાં ગણ સૂનાં, અર્થ અનર્થક, વચન પ્રભુનાં;
નશ્વર કાયા પ્રબળ જણાતી, વાંછા શાની એની થાતી? ૮

જીવ એકલો નરકે જાશે, શુભ-વિવેકે સુરગતિ થાશે;
રાજા, ધનપતિ થાય એકલો, દાસ એકલો વિનય ભૂલેલો. ૯

રોગી એકલો, શોક ભરેલો, દુ:ખ રહિત, દુ:ખમાંહિ વસેલો;
વળી વેપારી, દરિદ્રી એકલો, નીચ એકલો, ભમે ભૂલેલો. ૧૦

પરિજન, પુત્ર, કલત્ર વિનાશી, સર્વ મળીને દે દુ:ખરાશિ;
ચિંતવ ચિત્તે નિશ્ચે ભાઈ, કોણ પિતા મા કોની સગાઈ? ૧૧

સ્ત્રી અર્થે હિંસા કરનારા, ભૂત ભ્રમિત સમ જીવ બિચારા;
પાપ પમાડે નરક નઠારું, ઘોર દુ:ખો દળશે તન તારું. ૧૨

વિષય-ભૂતનો મોહ મૂકી દે, કષાય ચારે નિર્મૂળ કરી લે;
કામ, માનનો કૂચો કરી દે, ઇન્દ્રિય ચોરો પાંચ દમી લે. ૧૩

શરીર ઝૂંપડી કૂડો કૂથો, માંસ-ચામડી મોહે ચૂંથો;
દ્વાર નવે ગંદાં મળ ગળતાં, શું સુખ એ કચરામાં કળતાં? ૧૪

ભવસાગરમાં કાળ અનંતો, વસ્યો વાસના નીચ કરંતો;
આજ સુધી વિષયોમાં રાચ્યો, મૂઢ વિરાગ સજી લે સાચો. ૧૫

દુર્ગતિ દુ:ખ અનેકે કૂટ્યો, તોય પીછો તેનો ના છૂટ્યો;
જાણે ભૂત-ભ્રમિત, મદમત્ત, જીવ અનાચારે રહે રક્ત. ૧૬

સપ્ત ધાતુમય પુદ્ગલપિંડ, કીડા ખદબદતો મળકુંડ;
આવો નિંદિત દેહ છતાં હા! માથે જમનો દંડ ફરે આ. ૧૭

મા કર યૌવન-ધનગૃહ-ગર્વ, કાળ હરી લેશે એ સર્વ;
ઇન્દ્રજાલ સમ નિષ્ફળ સહુ તજ, મોક્ષપદે મન રાખી પ્રભુ ભજ. ૧૮

નીલકમલ-દલ-જલ સમ ચંચલ, ઇન્દ્રધનુષ-વિજળી,જીવનપળ;
ક્ષણભંગુર સંસાર વિચારો, ભ્રાંતિ વડે ના જાણો સારો. ૧૯

શોક વિયોગ ભયંકર ભારે, ભવ-દરિયાથી કોણ ઉગારે?
મજબૂત તારો હાથ ગ્રહીને, કોણ બોધશે કરુણા કરીને? ૨૦

મૂક પરિગ્રહ-મમતા ભાઈ! પાળ સુચારિત્ર સત્સુખદાઈ;
કામ-ક્રોધને તજવા કાજે, જ્ઞાન, ધ્યાન વિચારો આજે. ૨૧

કામ-કૃત વિનોદ મૂકી દે, શુભ શિવ-સુખ સદા સમરી રહે;
ધર્મ-શુક્લ બે ધ્યાન સખા છે, ઉત્તમ ગતિના છે નેતા એ. ૨૨

આશા-વસ્ત્ર-વિહીન બનીને, કામ-ઉપાધિ-કષાય હણીને,
ગિરિ ગુફા ઉપવને વસીને, આતમ ધ્યાન ધરો સમજીને. ૨૩

યમ નિયમ આસન યોગાચાર, પ્રાણાયામ પછી પ્રત્યાહાર;
ધ્યેય-ધારણા, ધ્યાન, સમાધિ, ટાળે જીવની ભવ-ઉપાધિ. ૨૪

અર્હત્ સિદ્ધ મુનીશ્વર સાખે, શીલ વ્રતાદિ જે તું રાખે;
જીવતા સુધી પાળી લે લાવ, એ ભવસાગર તરવા નાવ. ૨૫

ત્યાગ તણી મર્યાદા કરજે, શુદ્ધ મને નિયમ અનુસર તે;
ઉદાસીનતા, સમતા ભજજે, આશા-દાસી-સંગત તજજે. ૨૬

પર્યંકાદિ વિધિ-અભ્યાસે, યત્ન વડે કરી યોગોલ્લાસે;
દુર્ધર મોહ-મહા-વિષ-સર્પ, વશ કર બોધ ગ્રહી દળી દર્પ. ૨૭

પૂરક, કુંભક, રેચક અનિલે-, સંસારઇંધન-દાહક અનલે;
નિર્મલ પહેલી કાયા કરીએ, અપૂર્વ મોક્ષેચ્છા જો ધરીએ. ૨૮

નાકે નીકળ્યો પવન સમૂહ, રોકી ફેડો પાપ સમૂહ;
દશમ દ્વારે વિલીન કરે જે, કેવલ જ્ઞાન અનંત વરે તે. ૨૯

હૃદયથી નાભિ સુધી પૂરે, વાયુ તેને પૂરક કહે છે;
યોગાભ્યાસ-ચતુર યોગીજન, તંદ્રા તજી કહે પૂરક લક્ષણ. ૩૦

નાભિકાળે સ્થિરરૂપે એ, પૂરક વાયુ, પૂર્ણ નિરોધે;
પૂર્ણ કુંભવત્ પૂરે વાયુ, કુંભકરૂપ યોગીથી કહાયું. ૩૧

પવન નીકળવા દે પછી ધીરે, રેચક વાયુ કહ્યો તે વીરે,
તે વચને યોગી પણ કહે છે, મોક્ષ પમાડે પરંપરાએ. ૩૨

અચલિત ચિત્ત ધરે જો, બંધુ, પાર પામશે તો ભવસધુ;
કેવલજ્ઞાની તો તું થાય, શિવ-સરોવર હંસ ગણાય. ૩૩

શુદ્ધરૂપ ચૈતન્ય પિંડનું, જ્ઞાનજ્યોતિ ચિત્-શક્તિમંતનું;
ચિદ્ રમ્ય ચિત્ ચાંદનીરૂપનું, સ્મરણ કર જ્ઞાની ગુણ નૃપનું. ૩૪

હે જીવ ! જો શિવ શાંત, અખંડિત, નિર્મળ ચૈતન્ય અમૃત ઉલ્લસિત;
શુક્લધ્યાન-કજકમળ વિકાસી, શિવસુંદરી સરહંસ વિલાસી. ૩૫

જ્ઞાનવારિધિ-તરંગાવલી, મોક્ષરૂપમાં રમે સદા વળી;
નવ કેવળ લબ્ધિથી પૂરા, આત્માને સેવે મુનિ શૂરા. ૩૬

ચિંતવ પરમાત્મા-ઉર્વશીને, કેવલ-કુમુદ-વિકાસી શશીને;
મુક્તિકામિની કર્ણ ભૂષણ જે, ત્રિભુવન લક્ષ્મી ભાલ તિલકને. ૩૭

લબ્ધિરત્નના મહેલ-કલશ જે, શિવ હંસીના સ્નેહ મિલન એ;
અષ્ટ ગુણી, સામ્યે જગ દ્રષ્ટા, વિદેહી, બોધિ-સુધા રસ પીતા. ૩૮

અનાદિ, અખંડ, અચલસુખભોગી, યોગીજનોને વંદ્ય સુયોગી,
વંદે હરિ, હર, બ્રહ્મા જેને, કેવલ-મંગલ-ઉત્સવ તેને. ૩૯

શ્રુત-સરિતાના સુરગિરિને, મોક્ષ લક્ષ્મી-કર-આરસી સમ જે;
કર્મ-પહાડ ફાડવે વજ્ર જે, શિવ-સુંદરી-હાર શુભ્ર જે. ૪૦

પુરુષાકારે અરૂપી, નભ સમ, સંસારી સંતાપરહિત શમ;
કામાગ્નિના કષ્ટ-હારી જે, સર્વ ભવ્ય જીવ હિતકારીને. ૪૧

સ્મર નિજ દેહ વિષે વસનારો, નહિ તો ભવ ભમવાનો વારો;
મૂર્ખ શિરોમણિ સદા મનાશે, વીર્ય વિહીન અજ્ઞાની ગણાશે. ૪૨

એમ અનેક ગુણોના સ્વામી, ચિંતવ પરમાત્મા શિરનામી;
અષ્ટ વચન માતાના પિતા, સંસાર પાર પામ્યા સુવિહિતા. ૪૩

સ્વરૂપ અનેક એકરૂપ ધારો, શુદ્ધ અશુદ્ધ સ્વરૂપ વિચારો;
લક્ષ્ય, અલક્ષ્ય ચિંતવી તારો, કર્મરૂપ કલંક વિદારો. ૪૪

અંતર્ ભેદ વિજ્ઞાન વિચારે, નય નિશ્ચય-વ્યવહાર આધારે;
સમ્યક્જ્ઞાની વિષય વિરક્ત, વર્ણવતા આત્મા દેહસ્થ. ૪૫

બદ્ધમુક્ત ને રિક્ત અરિક્ત, શૂન્ય અશૂન્ય, વ્યક્ત અવ્યક્ત;
રાગી-વિરાગી, દુષ્ટ અદુષ્ટ, શિષ્ટ અશિષ્ટ એ પુષ્ટ અપુષ્ટ. ૪૬

ન રમ ન રમ બાહ્યાદિ પદાર્થે, રમ રમ મોક્ષ-પદે જ હિતાર્થે;
આત્મ-કાર્ય જો તૂર્ત કરીશ, તો તું કેવલજ્ઞાન વરીશ. ૪૭

મૂક, મૂક વિષય-માંસના ભોગ, છોડ છોડ નિજ તૃષ્ણા રોગ;
કર કર વશ મન-ગજ જે ગાંડો, અંતરાત્મ પરમાત્મે જોડો. ૪૮

ચિંતવ સિદ્ધ સમ નિજ દેહસ્થ, પરમજ્ઞાન રૂપ ગણ કાયસ્થ;
પરમ વિશુદ્ધ તે સ્મર પિંડસ્થ, પામ કેવલ ક્રીડા શિવ-લબ્ધ. ૪૯

વૈરાગ્ય મણિમાલા તણી, કડી અઠ્ઠાવન જોઈ;
ચંદ્ર કવિની કૃતિને ગુર્જર સૂત્રે પ્રોઈ.

# શ્રી ૐકારભાઈ કૃત પદો

## (૩૬)

કોના માટે વિત્ત ભેગું કરે છે, કોના માટે પાપ તું આચરે છે;
મૂકી સર્વે એકલો છે જવાનો, તારી ભૂલે તું જ દુઃખી થવાનો. ૧

નારી સાથે ગાઢ પ્રીતિ વધારી, ઊઘાડી તે નર્ક કેરી જ બારી;
એનો ભાઈ આપવો દોષ કોને, તારે દોષે બંધ છે એમ જોને. ૨

દાણે દાણે મેળવે કેટલું ય, સાથે ના'વે ફોતરા જેટલું ય;
તો શા માટે પાપ તું આચરે છે, આવી વાતો કેમ જાતી કરે છે. ૩

સેવ્યા ભાવો મોહના તો ઘણાય, પાછો ત્યાંનો ત્યાં જ તું શું તણાય;
સેવું શાંતિ, ત્યાગ વૈરાગ્ય,ભક્તિ, પાળું આજ્ઞા જેટલી હોય શક્તિ. ૪

બ્રહ્મચર્યે નિત્ય પ્રીતિ વધારું, ગંદા ભાવોમાં ન આ જન્મ હારું;
તોડું કાંતા-મોહની ગાઢ બેડી, કાયા-માયા મૂળમાંથી ઉખેડી. ૫

કૃપાળુએ વીસ દોહા કહ્યા છે, તેમાં કેવા શ્રેષ્ઠ ભાવો રહ્યા છે;
તે તે ભાવો શાંત ચિત્તે વિચારું; દોષો સર્વે જોઈ જોઈ નિવારું. ૬

જાણે જન્મ્યો આજથી એમ ધારી,આત્માર્થે આ જન્મ ગાળું વિચારી;
આવે ભાવો ચિત્તમાં જે નઠારાં, લૂંટી લેનારા મને જે ઠગારાં. ૭

જ્ઞાનીના સદ્બોધથી તેહ ટાળું, ઇન્દ્રિયાર્થે ના હવે ચિત્ત વાળું;
જ્ઞાની જાણે તે જ છે એક સાચું, માની એવું માત્ર તેમાં જ રાચું. ૮

---

## (૩૭) કામનું પ્રાબલ્ય

ગાયની પાછલ પાછલ જાયે સાંઢિયો રે, કે જાયે૦
મારે શીંગડા તોય, તજે ના તે ગાંડિયો રે, તજે ના૦ ૧

કૂતરી પાછળ જાય સડેલો કૂતરો રે, સડેલો૦
નિશદિન રતિમાં લીન, રહે છે કબૂતરો રે, રહે છે૦ ૨

ખૂં ખૂં ખાંસી ખાય, શક્તિ રહી ના જરી રે, શક્તિ૦
તોય ન છૂટે ટેવ, ભૂંડી કેમે કરી રે, ભૂંડી કેમે૦ ૩

ચક્રવર્તી પણ નારી આગળ મીનડો રે, કે આગળ૦
વિષય વિવશ બની જાય કેવો તે દીનડો રે, કેવો છે૦ ૪

કામની આગળ હાર્યા, બ્રહ્મ હરિ હરા રે, કે બ્રહ્મ૦
જેમ નચાવ્યા તેમ, નાચ્યા થઈ કિંકરા રે, નાચ્યા થઈ૦ ૫

તે બળવંતો કામ, બળે સત્સંગથી રે, બળે૦
માટે તે જ ઉપાસો, ખરા દૃઢ રંગથી રે, ખરા૦ ૬

જેમ જેમ અવગાહન, થાય સુબોધનું રે, કે થાય૦
તેમ તેમ બળ આવે, કામ નિરોધનું રે, કે કામ૦ ૭

સત્સંગે સદ્બોધ,—તણા સુવિચારથી રે, તણા૦
ભેદજ્ઞાન થઈ છૂટે, કામ વિકારથી રે, કે કામ૦ ૮

કામસ્વરૂપ જ જાણ્યું, નથી ગુરુગમ થકી રે, નથી૦
નહિ તો સાવ નીરસતા, આવત ત્યાં નકી રે, કે આવત૦ ૯

જે જ્ઞાને ક્ષય થાય છે, કામની વાસના રે, કે કામની૦
તે જ્ઞાનની કરો અતિ ભક્તિ, સહિત ઉપાસના રે, સહિત૦ ૧૦

---

## (૩૮)

રાજચંદ્ર સાચા ભગવાન, નિત્ય ભજું અંતરના ભાવથી.
અંતરના ભાવથી, અંતરના પ્રેમથી. રાજચંદ્ર૦

વર્તમાન મહાવીર આ રે, બીજા ખરેખર રામ. નિત્ય૦
સાક્ષાત છે પરમાતમા રે, ગુણ અનંતના ધામ. નિત્ય૦

વવાણિયામાં જનમિયા રે, ભવ્યો તણા વિશ્રામ. નિત્ય૦
દેહ છતાં વિદેહી દશા રે, પૂર્ણપણે નિષ્કામ. નિત્ય૦

આ છે સિદ્ધશિલા અને રે, બેઠા છીએ તે સિદ્ધ. નિત્ય૦
એમ કહ્યું ઈડર વિષે રે, સ્વયં અનુભવસિદ્ધ. નિત્ય૦

અશરીરી ભાવે સ્થિતિ રે, ભાવ નયે નિર્વાણ. નિત્ય૦
જો ન હોય આ કાળમાં રે, 'અમે ન' કહેવા સમાન. નિત્ય૦

અમને હવે વીતરાગતા રે, વિના ન વેદન કોય. નિત્ય૦
મહાવીર ને અમો વિષે રે, ભેદ ન ગણશો કોય. નિત્ય૦

આગાખાનના બંગલે રે, અમદાવાદમાં એમ. નિત્ય૦
કહ્યું સ્વમુખે મુનિને રે, ભેદ મનાયે કેમ. નિત્ય૦

નિ:સંદેહ જ્ઞાનાવતાર છે રે, ઘરમાં બેઠા વીતરાગ. નિત્ય૦
મુંબઈ જેને સ્મશાન છે રે, એવા વિરાગી અથાગ. નિત્ય૦

વિપરીત કાળમાં એકલા રે, હોવાથી જેહ ઉદાસ. નિત્ય૦
છેલ્લા શિષ્ય પ્રભુ વીરના રે, કહ્યું સ્વમુખે ખાસ. નિત્ય૦

મુમુક્ષુ જન કલ્યાણના રે, કલ્પતરુ જ સમાન. નિત્ય૦
ત્રિવિધ તાપાગ્નિ ઠારવા રે, સુધાના સિંધુ સમાન. નિત્ય૦

દેહધારી છીએ કે નહીં રે, એવું ન જેને ભાન. નિત્ય૦
જેને નિરંતર વર્તતું રે, અવિષમ આતમધ્યાન. નિત્ય૦

જાતિસ્મરણાદિ જ્ઞાનના રે, અનન્ય આશ્રય ધામ. નિત્ય૦
ગૃહ નિવાસી તોયે ઉદાસી, સ્વરૂપ વિલાસી અકામ. નિત્ય૦

છેલ્લા શિષ્ય પ્રભુ વીરના રે, જાતિસ્મરણ પ્રમાણ. નિત્ય૦
મૂર્તિમાન છે મોક્ષ જે રે, તારણ તરણ વહાણ. નિત્ય૦

દેહ છતાં જેની દશા રે, વર્તે દેહાતીત. નિત્ય૦
એવા શ્રી સદ્‌ગુરુ રાજને રે, વંદન ગણનાતીત. નિત્ય૦

## (૩૯) બ્રહ્મચર્યની નવ વાડ

સદ્‌ગુરુ પરમકૃપાળુ સાખે, ચોથું વ્રત દૃઢ પાળું રે,
ઢોર હરાયા જેમ રખડતું, મન આજ્ઞામાં વાળું રે;
કે સત્શીલ સેવું રે.
સત્શીલ સેવું શેઠ સુદર્શન, જંબૂસ્વામી જેવું રે. કે સ૦ ૧

બ્રહ્મચર્ય છે કલ્પતરુ સમ, તેની રક્ષા માટે રે,
નવ વાડો નિર્ધારી પ્રભુએ, જાવા શિવગતિ વાટે રે. કે સ૦ ૨

પહેલી વાડ તે વસતિ નામે, સ્થાન વિકારી ત્યાગું રે,
બિલાડીથી ઉંદર પેઠે, નારીથી દૂર ભાગું રે. કે સ૦૩

બીજી વાડે નારી સાથે, કરું ન વાત વિકારી રે;
કામશાસ્ત્ર વાંચું નહીં, ગીતો,– સુણું નહીં શૃંગારી રે. કે સ૦૪

ત્રીજી વાડે જે આસન પર, બેઠી હોયે નારી રે;
ના બેસું બે ઘડી સુધી ત્યાં, સત્શીલને હિતકારી રે. કે સ૦૫

ચોથી વાડે અંગ ઉપાંગો, દેખું ન નીરખી નીરખી રે;
પડે નજર નારી પ્રત્યે તો, જાણું માતા સરખી રે. કે સ૦૬

પાંચમી વાડે ભીંત કે પડદા, પાછળ કામની ક્રીડા રે;
થતી હોય ત્યાં ક્ષણ ના વસવું, થાયે વ્રતને પીડા રે. કે સ૦૭

છઠ્ઠી વાડે દૃષ્ટ-શ્રુત-અનુભૂત, ભોગો નહિ સંભારું રે;
સત્પુરુષોના વચન બળે તે, ભાવો મારું રે. કે સ૦૮

સાતમી વાડે ઘૃત-દુગ્ધાદિક, બહુધા નહિ વાપરવા રે;
રાખે ધ્યાન બરાબર જેને, વ્રતની પરવા રે. કે સ૦૯

આઠમી વાડે સાદું ભોજન, પણ નહીં પેટ ભરીને રે;
ઉદ્દીપક ઔષધિ ના લેવી, વ્રત દૂષણથી ડરીને રે. કે સ૦૧૦

નવમી વાડ વિભૂષા નામે, શરીર નહીં શણગારું રે;
સ્નાન વિલેપન પુષ્પાદિક તજી, વ્રત અજવાળું રે. કે સ૦૧૧

---

## (૪૦)

પતિ પરમકૃપાળુ મારા રે, અવિનાશી સુખ દેનારા રે;
તેને નિત રાજી કરવા રે, તેની જ કૃપાને વરવા રે. પતિ૦ ૧

આ જીવન હવેનું ગાળું રે, ભવ ભણી હવે ના ભાળું રે;
એવો નિશ્ચય કરી મનમાં રે, મૂકું તેને વર્તનમાં રે. પતિ૦ ૨

તેની જ વાતો ઉચ્ચારું રે, મનમાં તેને જ વિચારું રે;
તેને જ સદા સંભારું રે, તેના પ્રતિ પ્રેમ વધારું રે. પતિ૦ ૩

પૂછું તો તેની જ વાતો રે, જાવા દઉં પર પંચાતો રે;
તેમાં જ કરું તત્પરતા રે, ના રાખું ભાવો ફરતા રે. પતિ૦ ૪

તેની આજ્ઞા નિત પાળું રે, ક્ષણ ક્ષણ મંત્રે મન વાળું રે;
બીજું ના ઇચ્છું કાંઈ રે, એ અચળ કરું ઉરમાંહી રે. પતિ૦ ૫

બહુ કાળ થકી આથડિયોરે, જીવ નરક-નિગોદે પડિયો રે;
હવે પરમકૃપાળુ જડિયો રે, ચિંતામણિ હાથે ચઢિયો રે. પતિ૦ ૬

તો હવે ઉણપ છે શાની રે, પુરુષાર્થ માત્ર કરવાની રે;
તે કરવા મંડી પડવું રે, મુક્તિસોપાને ચડવું રે. પતિ૦ ૭

આ નીરસ છે સંસાર રે, એમ જ્ઞાની કરે પોકાર રે;
તો તેમાં ચિત્ત ન રાખું રે, એક જ ભક્તિરસ ચાખું રે. પતિ૦ ૮

શું કરવા કાજે આવ્યો રે, ને શામાં કાળ ગુમાવ્યો રે;
શું કરી રહ્યો છું આજે રે, એ નિત્ય તપાસું સાંજે રે. પતિ૦ ૯

કરું સમરણ લૂંટમલૂંટે રે, સંસાર ભલે શિર કૂટે રે;
એ અક્ષયનિધિ ના ખૂટે રે, કદીયે પણ કોઈ ન લૂંટે રે. પતિ૦૧૦

રહેતાં પણ બીજે કામે રે, સીતા મન રમતું રામે રે;
તેમ પરમકૃપાળુ શરણે રે, રહી કરું લીનતા સ્મરણે રે. પતિ૦૧૧

## (૪૧)

સદ્‌ગુરુ પરમ કૃપાળુદેવ, ટાળો મુજ ભવભ્રમ ટેવ.

અનંત ભવના પરિભ્રમણમાં, સાધન કર્યાં અનંત;
શાસ્ત્રાભ્યાસ ને જપ-તપ-સંયમ, અફળ ગયા ભગવંત. સ૦૧

સંત ન મળિયા, સંત ન સુણિયા, શ્રદ્ધ્યા નહિ કદી સંત;
બે અક્ષરમાં માર્ગ છતાંયે, વીત્યો કાળ અનંત. સ૦૨

મારગ પામેલો જ પમાડે, ભાખ્યું આપે સ્પષ્ટ;
સદ્‌ગુરુના આશ્રય વણ કદીયે, દુઃખ ન થાયે નષ્ટ. સ૦૩

સજીવન મૂર્તિના આશ્રય વણ, જેહ કરે તે બંધ;
દુઃખ ઉપાર્જન વિના કહો શું, કરી શકે આ અંધ. સ૦૪

આજ્ઞામાં એકતાન થયા વિણ, વિકટ પરમ પુરુષાર્થ;
એકતાન થવું અતિ અતિ દુર્લભ, તે જ કરું પુરુષાર્થ. સ૦૫

તારા નિશ્ચય ને આશ્રયથી, થાશે બેડો પાર;
તુજ ભક્તિના અવલંબનથી, ગોપદ સમ સંસાર. સ૦૬

પરમ પૂજ્ય પ્રભુશ્રીજી બોલ્યા— કહું છું સાચી વાત;
પરમ કૃપાળુ પરમાત્મા છે, મેં જોયા સાક્ષાત. સ૦૭

# શ્રી ઉદયરત્ન કૃત સજ્ઝાયો

## (૪૨) શ્રી વૈરાગ્યની સજ્ઝાય

ઊંચાં તે મંદિર માળિયાં, સોડ વાળીને સૂતો;
કાઢો કાઢો એને સહુ કહે, જાણે જનમ્યો જ નહોતો.
એક રે દિવસ એવો આવશે.૧

અબુધપણામાં રે હું રહ્યો, મને સબળોજી સાલે;
મંત્રી મળ્યા સવિ કારમા, તેનું કાંઈ નવિ ચાલે. એક૦ ૨

સાવ સોનાનાં રે સાંકળાં, પહેરણ નવ નવા વાઘા;
ધોળું રે વસ્ત્ર એના કર્મનું, તે તો શોધવા લાગ્યા. એક૦ ૩

ચરુ કઢાઇયા અતિ ઘણા, બીજાનું નહિ લેખું;
ખોખરી હાંડલી એના કર્મની, તે તો આગળ દેખું. એક૦ ૪

કેના છોરું ને કેના વાછરું, કેના માય ને બાપજી;
અંતકાલે જાવું જીવને એકલું, સાથે પુણ્ય ને પાપજી. એક૦ ૫

સગી રે નારી એની કામિની, ઊભી ટગમગ જુવે;
તેનું પણ કાંઈ ચાલે નહિ, બેઠી ધ્રુસકે રુવે. એક૦ ૬

વહાલાં તે વહાલા શું કરો, વહાલાં વોળાવી વળશે;
વહાલાં તે વનનાં લાકડાં, તે તો સાથે જ બળશે. એક૦ ૭

નહિ ત્રાપો નહિ તુંબડી, નથી તરવાનો આરો;
ઉદયરતન મુનિ ઇમ ભણે, મને પાર ઉતારો. એક૦ ૮

## (૪૩) ક્રોધની સજ્ઝાય

કડવાં ફળ છે ક્રોધનાં, જ્ઞાની એમ બોલે;
રીસ તણો રસ જાણીએ, હળાહળ તોલે. કડવાં૦ ૧

ક્રોધે ક્રોડ પૂરવ તણું, સંયમ ફળ જાય;
ક્રોધ સહિત તપ જે કરે, તે તો લેખે ન થાય. કડવાં૦ ૨

સાધુ ઘણો તપિયો હતો, ધરતો મન વૈરાગ;
શિષ્યના ક્રોધ થકી થયો, ચંડકોશિયો નાગ. કડવાં૦ ૩

આગ ઊઠે જે ઘર થકી, તે પહેલું ઘર બાળે;
જળનો જોગ જો નવિ મળે,તો પાસેનું પરજાળે. કડવાં૦ ૪

ક્રોધતણી ગતિ એહવી, કહે કેવળનાણી;
હાણ કરે જે હેતની, જાળવજો એમ જાણી. કડવાં૦ ૫

ઉદયરત્ન કહે ક્રોધને, કાઢજો ગળે સાહી;
કાયા કરજો નિર્મળી, ઉપશમરસ નાહી. કડવાં૦ ૬

## (૪૪) માનની સજ્ઝાય

રે જીવ! માન ન કીજીએ, માને વિનય ન આવે રે;
વિનય વિના વિદ્યા નહીં, તો કિમ સમકિત પાવે રે? રે૦ ૧

સમકિતવિણ ચારિત્ર નહિ, ચારિત્રવિણ નહિ મુક્તિ રે;
મુક્તિનાં સુખ છે શાશ્વતાં, તે કેમ લહીએ જુક્તિ રે? રે૦ ૨

વિનય વડો સંસારમાં, ગુણમાંહે અધિકારી રે;
માને ગુણ જાયે ગળી, પ્રાણી જોજો વિચારી રે. રે૦ ૩

માન કર્યું જો રાવણે, તો તે રામે માર્યો રે;
દુર્યોધન ગરવે કરી, અંતે સવિ હાર્યો રે. રે૦ ૪

સૂકાં લાકડાં સારિખો, દુઃખદાયી એ ખોટો રે;
ઉદયરત્ન કહે માનને, દેજો દેશવટો રે. રે૦ ૫

## (૪૫) માયાની સજ્ઝાય

સમકિતનું મૂળ જાણિયે જી, સત્ય વચન સાક્ષાત્;
સાચામાં સમકિત વસેજી, માયામાં મિથ્યાત્વ રે-
પ્રાણી! મ કરીશ માયા લગાર. ૧

મુખ મીઠો જૂઠો મનેજી, કૂડકપટનો રે કોટ;
જીભે તો 'જીજી' કરેજી, ચિત્તમાંહે તાકે ચોટ રે-પ્રાણી! મ૦ ૨

આપ ગરજે આઘો પડેજી, પણ ન ધરે વિશ્વાસ;
મનશું રાખે આંતરોજી, એ માયાનો પાસ રે-પ્રાણી! મ૦ ૩

જેહશું બાંધે પ્રીતડીજી, તેહશું રહે પ્રતિકૂળ;
મેલ ન છંડે મન તણોજી, એ માયાનું મૂળ રે-પ્રાણી! મ૦ ૪

તપ કીધું માયા કરીજી, મિત્રશું રાખ્યો રે ભેદ;
મલ્લિજિનેશ્વર જાણજોજી, તો પામ્યા સ્ત્રીવેદ રે-પ્રાણી! મ૦ ૫

ઉદયરત્ન કહે સાંભળોજી, મેલો માયાની બુદ્ધ;
મુક્તિપુરી જાવા તણોજી, એ મારગ છે શુદ્ધ રે-પ્રાણી! મ૦ ૬

## (૪૬) લોભની સજ્ઝાય

તુમે લક્ષણ જોજો લોભના રે, લોભે મુનિજન પામે ક્ષોભના રે,
લોભે ડાહ્યા મન ડોલ્યા કરે રે, લોભે દુર્ઘટપંથે સંચરે રે. તુમે૦ ૧

તજે લોભ તેહના લેઉં ભામણા રે, વળી પાયે નમીને કરું ખામણાં રે,
લોભે મર્યાદા ન રહે કેહની રે, તુમે સંગત મેલો તેહની રે. તુમે૦ ૨

લોભે ઘર મેલી રણમાં મરે રે, લોભે ઉચ્ચ તે નીચું આચરે રે,
લોભે પાપભણી પગલાં ભરેરે, લોભે અકાર્ય કરતાં ન ઓસરે રે.તુમે૦ ૩

લોભે મનડું ન રહે નિર્મળું રે, લોભે સગપણ નાસે વેગળું રે,
લોભે ન રહે પ્રીતિ ને પાવઠું રે, લોભે ધન મેલે બહુ એકઠું રે. તુમે૦ ૪

લોભે પુત્ર પ્રત્યે પિતા હણે રે, લોભે હત્યા પાતક નવિ ગણે રે,
તે તો દામ તણે લોભે કરી રે, ઉપર મણિધર થાયે તે મરી રે. તુમે૦ ૫

જોતાં લોભનો થોભ દીસે નહીં રે, એવું સૂત્ર સિદ્ધાંતે કહ્યું સહી રે,
લોભે ચક્રી સુભૂમ નામે જુઓ રે, તે તો સમુદ્રમાંહે ડૂબી મૂઓ રે. તુમે૦ ૬

એમ જાણીને લોભને છોડજો રે, એક ધર્મશું મમતા માંડજો રે,
કવિ ઉદયરત્ન ભાખે મુદા રે, વંદું લોભ તજે તેહને સદા રે. તુમે૦ ૭

## (૪૭) શ્રી શાંતિનાથનો છંદ

સુણો શાંતિ જિણંદ સોભાગી, હું તો થયો છું તુમ ગુણરાગી,
તુમે નિરાગી ભગવંત, જોતાં કિમ પડશે તંત. ૧

હું તો ક્રોધ-કષાયે ભરિયો, તું તો સમતારસનો દરિયો,
હું તો અજ્ઞાને આવરિયો, તું તો કેવળકમળા વરિયો. ૨

હું તો વિષયસુખનો આસી, તેં તો વિષય કીધા નિરાસી,
હું તો કરમના ભારે ભરિયો, તુમે સર્વથા દૂર કરિયો. ૩

હું તો મોહતણે વશ પડિયો, તું તો સબળ મોહને નડિયો,
હું તો ભવસમુદ્રમાં ખૂંચ્યો, તું તો શિવમંદિરમાં પહોંચ્યો. ૪

મારે જન્મમરણનો ફેરો, તેં તો તોડ્યો તેનો દોરો,
મારો પાસો ન મેલે રાગ, પ્રભુ તુમે થયા વીતરાગ. ૫

મુને માયાએ મેલી ફાંસી, તુમે નિરબંધ થયા અવિનાશી,
હું તો સમકિતથી રે અધૂરો, તું તો સકળ પદારથે પૂરો. ૬

મારે તો તુંહિ જ એક, તારે મુજ સરીખા અનેક,
હું તો મનથી ન મેલું માન, તુમે માનરહિત ભગવાન. ૭

મારું કીધું તે શું થાય, તમે રંક ભણી કરો સહાય,
તુમે એક કરો મહેરબાની, મ્હારો મુજરો લેજો માની. ૮

એક વાર જો નજરે નિરખો, તો હું થાઉં તુમ ગુણ સરીખો,
જે સેવક તુમ ગુણ ગાશે, તે તુમ સરીખો ગુણી થાશે. ૯

ભવોભવ તમારી સેવા, હું તો માગું છું દેવાધિદેવા,
સામું જુઓને સેવક જાણી, એમ ઉદયરત્ન બોલ્યા વાણી. ૧૦

## (૪૮) જોબન અસ્થિરની સજ્ઝાય

જોબનીયાની મોજા ફોજા, જાય નગારાં દેતી રે;
ઘડી ઘડી ઘડીયાલાં લાગે, તોય ન જાગે તેથી રે. જો૦૧

જરા રાક્ષસી જોર કરે છે, ફેલાવે ફજેતી રે;
આવી અવધે ઉસકે સહી, લખપતિને પણ લેતી રે. જો૦૨

માળે બેઠો મોજ કરે છે ખાંતે જોવે ખેતી રે,
જમરો ભમરો તાણી લેશે, ગોફણ ગોળા સેતી રે. જો૦૩

જિનરાજાને શરણે જાવું, જોરાલો કો ન જેથી રે;
દુનિયામાં દૂજો દીસે નહીં, આખર તરશો તેથી રે; જો૦૪

દંત પડ્યા ને ડોસો થયો, કાજ સર્યું નહિ કેથી રે,
ઉદયરત્ન કહે આપે સમજો, કહિયે વાતો કેતી રે. જો૦૫

# શ્રી કબીરદાસ કૃત પદો

(૪૯)

૧ આતમ ઔર પરમાતમા, અલગ રહે બહુ કાલ,
સુંદર મેલા કર દિયા, સદ્‌ગુરુ મિલા દલાલ.

૨ ભેદી લિયા સાથમેં, વસ્તુ દિયા બતાય,
કોટી જનમકા પંથ થા, પલમાં દિયા છુડાય.

૩ ચાર ખાણમેં ભટકતાં, કબહું ન લાગત પાર,
સો તો ફેરા મિટ ગયા, સદ્‌ગુરુકા ઉપકાર.

૪ મન મારનકી ઔષધિ, સદ્‌ગુરુ દેત દિખાય,
ઇચ્છત પરમાનંદકો, સો સદ્‌ગુરુ શરણે જાય.

૫ ગુરુ બિન જ્ઞાન ન ઊપજે, ગુરુ બિન મિલે ન ભેદ,
ગુરુ બિન સંશય ના મિટે, જય જય જય ગુરુદેવ.

૬ તુલસી જગમેં આયકે, કરી લીજે દો કામ,
દેનેકો ટુકડા ભલા, લેનેકો હરિનામ.

૭ કબીર કહે કમાલકૂં, દો બાતેં લિખ લેય,
કર સાહેબની બંદગી, ભૂખેકો કુછ દેય.

૮ લેનેકો હરિનામ હૈ, દેનેકો અન્નદાન,
તિરનેકો આધીનતા, બૂડનેકો અભિમાન.

૯ મુફત મનુષ તન પાયકે, જો ન ભજત ગુરુરાજ,
સો પીછે પછતાયેંગે, બહુત ઘિસેંગે હાથ.

૧૦ સતિયા સત નવ છોડિયે, સત છોડ્યે પત જાય,
સતકી બાંધી લક્ષમી, ફિર મિલેગી આય.

## (૫૦)

સંગત સંતનકી કર લે,
જનમકા સાર્થક કછુ કર લે.
ઉત્તમ દેહી નર પાયા પ્રાણી, ઇસકા હિત કછુ કર લે;
સદ્‌ગુરુ શરણ જાકે બાબા, જનમ મરણ દૂર કર લે. સંગત૦

કહાંસે આવે કહાંકુ જાવે, યે કુછ માલૂમ કર લે;
દો દિનકી જિંદગાની યારો, હુંશિયાર હોકર ચલ લે. સંગત૦

કૌન કિસીકે જોરુ લડકે, કૌન કિસીકે સાલે;
જબ લગ પલ્લોંમેં પૈસા ભાઈ, તબ લગ મીઠા બોલે. સંગત૦

કહત કબીરા સુનો ભાઈ સાધો, બાર બાર નહીં આના;
અપના હિત કછુ કર લે ભઈયા, આખર અકેલા જાના. સંગત૦

---

## (૫૧)

માટી કહે કુમ્હારસે તૂ જ્યોં રૌંદે મોય;
એક દિન ઐસા હોયગા મૈં રૌદૂંગી તોય.

આયે હૈં સો જાયેંગે, રાજા રંક ફકીર;
એક સિંહાસન ચઢ ચલે, એક બંધે જંજીર.

કબીરા આપ ઠગાઈયે, ઔર ન ઠગીયે કોય;
આપ ઠગે સુખ ઊપજે, ઔર ઠગે દુઃખ હોય.

---

## (૫૨)

હર બિન અપના હૈ નહિ કોઈ રે મનવા અપના.
મહલ બનાયા, બાગ લગાયા ઔર લગાયા મેલા;
ઇસ પિંજડેસે પ્રાન નિકલ ગયે, રહ ગયા ચામ અકેલા
હર બિન૦ ૧

પાંચ પચીસ બરાતી આયે, લે ચલ લે ચલ હોઈ;
કહત કબીરા સુનો ભાઈ સાધુ, યે ગત સબકી હોઈ.
હર બિન૦ ૨

---

## (૫૩)

કબીર કહે એ મારગડા જુદા.
એજી રાજા, ચારણ, વાણિયો ને ચોથી નાની નાર;
એટલાને ભક્તિ ઊગે નહીં, ઊગે તો બેડો પાર,
રામને મળવાના મારગડા જુદા, કબીર કહે એ મારગડા જુદા;
પ્રભુને મળવાના મારગડા જુદા, કબીર કહે એ મારગડા જુદા.

એક એક ભગત દો દો ભગત, ભગત અઢાર લાખ હુવા;
આદિ ભજનની ખબર ન પાઈ, એ તુંબરા તોડી તોડી મુવા.
કબીર કહે એ મારગડા જુદા. ૧

એક એક પંડિત દો દો પંડિત, પંડિત અઢાર લાખ હુઆ;
આદિ પુરુષની ખબર ન પાઈ, એ તો પોથિયું ફાડી ફાડી મુવા.
કબીર કહે એ મારગડા જુદા. ૨

એક એક ભુવા દો દો ભુવા, ભુવા અઢાર લાખ હુઆ;
આદિ માતાની ખબર ન પાઈ, એ તો ડાકલા ફોડી ફોડી મુવા.
કબીર કહે એ મારગડા જુદા. ૩

એક એક મુલ્લા દો દો મુલ્લા, મુલ્લા અઢાર લાખ હુઆ;
આદિ પીરમની ખબર ન પાઈ, એ તો અલ્લા અલ્લા કરી કરી મુવા.
કબીર કહે એ મારગડા જુદા. ૪

હિન્દુ કહે રામ હમારા; મુસલમાન કહે ખુદા,
કહત કબીરા સુનો ભાઈ સાધો, હવે પકડ લે એક મુદ્દા.
કબીર કહે એ મારગડા જુદા. ૫

---

## (૫૪) જગતમેં કૈસા નાતા!

મન ફૂલા ફૂલા ફિરે જગત મેં, કૈસા નાતા રે.
માતા કહે યહ પૂત હમારો, બહેન કહે વીરો મેરો;
ભાઈ કહે યહ ભુજા હમારી, નારી કહે નર નેહા રે. મન૦

પેટ પકડકે માતા રોયે, બાંહ પકડ કર ભાઈ;
લપટઝપટ કર સ્ત્રિયાં રોયે, હંસ એકલા જાઈ રે. મન૦

ચાર ગજી ચડ ગજી મંગાયો, ચડ્યો કાષ્ઠ કી ઘોડી;
ચારો કોને આગ લગા દી, ફૂંક દિયો જૈસે હોરી રે. મન૦

હાડ જરે જૈસે લાકડી ઔર કેસ જરે જુએ ઘાંસા;
સોને જૈસી જરી ગઈ કાયા, કોઉ ન આયો પાસા રે. મન૦

જબ તક જીયે માતા રોયે, બહેન રોયે દશ માસા;
તેરા દિન તક તિરિયાં રોયે, ફિર કરે ઘરવાસા રે. મન૦

ઘરકી સ્ત્રી ઢુંઢન લાગી, ઢુંઢ ફિરી ચિહું દિશા;
કહત કબીર સુનો ભાઈ સાધુ, જૂઠી જગકી આશા રે. મન૦

## (૫૫) ઘૂંઘટ કા પટ ખોલ

ઘૂંઘટ કા પટ ખોલ રે, તો કો પીઉ મિલેંગે,
ઘટ ઘટ મેં વહ સાઈ રમતા, કટુક વચન મત બોલ રે. ઘૂં૦

ધન જોબનકો ગર્વ ન કીજૈ, જૂઠા પચરંગ ખોલ રે,
સુન્ન મહલમેં દિયના બારિ લે, આસન સો મત ડોલ રે. ઘૂં૦

જાગ જુગુતુ સો રંગ મહલમેં, પિય પાયો અનમોલ રે,
કહે કબીર આનંદ ભયો હૈ, બાજત અનહદ ઢોલ રે. ઘૂં૦

# શ્રી મીરાંબાઈ કૃત પદો

## (૫૬) દેવદુર્લભ ઘેલછા

અમે ઘેલાં થયા બાઈ રે, ઘેલામાં ગુણ લાધ્યું.

આગે તો અમે કાંઈ નવ જાણતાં, મન માયામાં બાંધ્યું;
ભવસાગરમાં ભૂલાં પડિયાં, મારગે મળિયા સાધુ રે, ઘેલા૦ ૧

ઘેલાં તો અમે પ્રભુનાં ઘેલાં, દુર્જનિયાં શું જાણે?
જે રસ દેવ-દેવીને દુર્લભ, તે રસ ઘેલાં માણે રે, ઘેલા૦ ૨

ઘેલાં તો અમને પ્રભુએ કીધાં, નિર્મળ કીધાં નાથે;
પૂર્વ જન્મની પ્રીતડી રે, પ્રભુએ ઝાલ્યાં હાથે રે, ઘેલા૦ ૩

ઘેલાં ઘેલાં તમે શું કહો, ઘેલાં ઘેલાંનું કરશે;
સુખનું કહેતાં દુઃખ જ લાગે, તે નર ક્યાંથી તરશે રે, ઘેલા૦ ૪

ઘેલાં તો અમે કાંઈ નવ જાણતાં, સાધુ શરણાં લીધાં;
મીરાં કહે પ્રભુ ગિરધરના ગુણ,સમજ્યે કારજ સીધાં રે, ઘેલા૦
બાઈ કહે પ્રભુ રાજગુરુગુણ, સમજ્યે કારજ સીધાં રે, ઘેલા૦ ૫

---

## (૫૭)

મોહે લાગી લટક ગુરુ-ચરનનકી,
ચરન બિના મુને કછુ નહીં ભાવે;
જૂઠી માયા સબ સપનનકી. મોહે૦
ભવસાગર સબ સૂખ ગયા હૈ,
ફીકર નહીં મુને તરનનકી;
મીરાં કહે પ્રભુ ગિરિધરનાગર,
ઉલટ ભઈ મોરે નયનનકી. મોહે૦

---

## (૫૮)

અબ તો મેરે રાજ-રાજ દૂસરો ન કોઈ.
માતા છોડી, પિતા છોડે, છોડે સગા ભાઈ;
સાધુ સંગ બેઠ બેઠ લોક લાજ ખોઈ. અબ તો...

સંત દેખ દૌડ આઈ, જગત દેખ રોઈ,
પ્રેમ આંસુ ડાર-ડાર, અમર બેલ બોઈ. અબ તો...

મારગમેં તારણ મિલે સંત રાજ દોઈ,
સંત સદા શિર ઉપર, રાજ હૃદય હોઈ. અબ તો...

અંતમેંસે તંત કાઢ્યો પીછે રહી સોઈ,
કર્મે મેલ્યા વિષના પ્યાલા, પીને મસ્ત હોઈ. અબ તો...

અબ તો બાત ફૈલ ગઈ, જાણે સબ કોઈ,
દાસી મીરાં લાલ ગિરધર, હોની હો સો હોઈ. અબ તો...

## (૫૯)

મુખડાની માયા લાગી રે, મોહન પ્યારા;
મુખડું મેં જોયું તારું, સર્વ જગ થયું ખારું;
મન મારું રહ્યું ન્યારું રે, મોહન પ્યારા. ૧

સંસારીનું સુખ એવું, ઝાંઝવાના નીર જેવું;
તેને તુચ્છ કરી ફરીએ રે, મોહન પ્યારા. ૨

સંસારીનું સુખ કાચું, પરણીને રંડાવું પાછું;
તેને ઘેર શીદ જઈએ રે, મોહન પ્યારા. ૩

પરણી હું પ્રીતમ પ્યારો, અખંડ સૌભાગ્ય મારો;
રાંડવાનો ભય ટાળ્યો રે, મોહન પ્યારા. ૪

મીરાંબાઈ બલિહારી, આશા મને એક તારી;
હવે હું તો બડભાગી રે, મોહન પ્યારા. ૫

## (૬૦)

અખંડ વરને વરી સહેલી હું તો અખંડ વરને વરી,
કુટુંબ સહોદર સ્વારથના સૌ, પ્રપંચથી પરહરી. ૧
જન્મ ધરીને મહા દુઃખ પામી, ઘરનો તે ધંધો કરી. ૨
સર્વ સંસાર ભયંકર કાળો, તે દેખી થરથરી. ૩
ભવસાગરમાં મહા દુઃખ પામી, લક્ષ ચૌરાસી ફરી. ૪
સંત સંગતમાં મહા સુખ પામી, બેઠી ઠેકાણે ઠરી. ૫
શ્રી સત્‌ગુરુની પૂરણ કૃપાથી, ભવસાગર હું તરી. ૬
બાઈ મીરાં કહે પ્રભુ ગિરધરના ગુણ, સંત ચરણમાં પડી. ૭

## (૬૧)

જૂનું તો થયું રે દેવળ જૂનું તો થયું,
મારો હંસલો નાનો ને, દેવળ જૂનું તો થયું. (ધ્રુવ)

આ રે કાયા રે હંસા, ડોલવાને લાગી રે;
પડી ગયા દાંત, માંયલી રેખું તો રહી. મારો૦

તારે ને મારે હંસા પ્રીત્યું બંધાણી રે;
ઊડી ગયો હંસ, પિંજર પડી રે રહ્યું. મારો૦

બાઈ મીરાં કે પ્રભુ, ગિરિધરના ગુણ;
પ્રેમનો પ્યાલો તમને પાઉં ને પીઉં. મારો૦

# શ્રી નરસિંહ મહેતા કૃત પદો

## (૬૨)

જ્યાં લગી આતમાતત્ત્વ ચીન્યો નહીં, ત્યાં લગી સાધના સર્વ જૂઠી.
માનુષા દેહ તારો એમ એળે ગયો, માવઠાની જેમ વૃષ્ટિ વૂઠી.

શું થયું સ્નાન, પૂજા ને સેવા થકી, શું થયું ઘેર રહી દાન દીધે.
શું થયું ધરી જટા ભસ્મ લેપન કર્યે, શું થયું વાળ લોચન કીધે.

શું થયું તપ ને તીરથ કીધા થકી, શું થયું માળ ગ્રહી નામ લીધે.
શું થયું તિલક ને તુલસી ધાર્યા થકી, શું થયું ગંગજલ પાન કીધે.

શું થયું વેદ વ્યાકરણ વાણી વદ્યે, શું થયું રાગ ને રંગ જાણ્યે,
શું થયું ખટ દરશન સેવ્યા થકી, શું થયું વરણના ભેદ આણ્યે.

એ છે પ્રપંચ સહુ પેટ ભરવા તણા, આતમારામ પરિબ્રહ્મ ન જોયો.
ભણે નરસૈંયો કે તત્ત્વ દર્શન વિના, રત્ન ચિંતામણિ જન્મ ખોયો.

---

## (૬૩)

વૈષ્ણવ જન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે;
પર દુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે. વૈ૦૧

સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે;
વાચ કાછ મન નિશ્ચળ રાખે, ધન ધન જનની તેની રે. વૈ૦૨

સમદૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે;
જિહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે. વૈ૦૩

મોહ-માયા વ્યાપે નહિ જેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે,
રામનામશું તાલી લાગી, સકળ તીરથ તેના તનમાં રે. વૈ૦૪

વણલોભી ને કપટ રહિત છે, કામક્રોધ નિવાર્યા રે;
ભણે નરસૈયોં તેનું દરશન કરતાં, કુળ એકોતેર તાર્યા રે. વૈ૦૫

## (૬૪) સુખ દુઃખ મનમાં ન આણીએ

સુખ દુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે તે ઘડિયા,
ટાળ્યા તે કોઈના નવ ટળે, રઘુનાથના જડિયા. સુખ૦૧

પાંચ પાંડવ સરખા બાંધવા, જેની દ્રૌપદી રાણી,
બાર વરસ વન ભોગવ્યાં, નયણે નિદ્રા ન આણી. સુખ૦૨

નળ રાજા સરખો નર નહી, જેની દમયંતી રાણી,
અર્ધે વસ્ત્રે વનમાં ભમ્યા, ન મળ્યા અન્ન ને પાણી. સુખ૦૩

સીતા સરખી સતી નહીં, જેના રામજી સ્વામી,
રાવણ તેને હરી ગયો, સતી મહાદુઃખ પામી. સુખ૦૪

રાવણ સરીખો રાજીઓ, જેની મંદોદરી રાણી,
દસ મસ્તક છેદાઈ ગયા, બધી લંકા લુટાણી. સુખ૦૫
હરિશ્ચન્દ્ર રાજા સત્યવાદીયો, તારાલોચની રાણી,
તેને વિપત્તિ રે બહુ પડી, ભર્યા નીચ ઘેર પાણી. સુખ૦૬

સર્વ દેવને જ્યારે ભીડ પડી, સમર્યા અન્તરયામી,
ભાવટ ભાગી ભૂધરે, મહેતા નરસૈયાના સ્વામી. સુખ૦૭

# છૂટક સંગ્રહ

☆☆☆☆☆☆☆☆

## (૬૫)

આપ સ્વભાવમેં રે, અવધુ સદા મગનમેં રહેના;
જગત જીવ હે કર્માધીના, અચરિજ કછુઅ ન લીના. આપ૦

તુમ નહિ કેરા, કોઈ નહિ તેરા, ક્યા કરે મેરા મેરા!
તેરા હૈ સો તેરી પાસે, અવર સબે અનેરા. આપ૦

વપુ વિનાશી તું અવિનાશી, અબ હે ઇનકો વિલાસી;
વપુ સંગ જબ દૂર નિકાસી, તબ તુમ શિવકા વાસી. આપ૦

રાગ ને રીસા દોય ખવીસા, એ તુમ દુઃખકા દીસા;
જબ તુમ ઉનકું દૂર કરીસા, તબ તુમ જગકા ઇસા. આપ૦

પરકી આશા સદા નિરાશા, એ હૈ જગજન પાસા;
તે કાટનકું કરો અભ્યાસા, લહો સદા સુખવાસા. આપ૦

કબહીક કાજી, કબહીક પાજી, કબહીક હુવા અપભ્રાજી;
કબહીક જગમેં કીર્તિ ગાજી, સબ પુદ્ગલકી બાજી. આપ૦

શુદ્ધ ઉપયોગ ને સમતા ધારી, જ્ઞાન ધ્યાન મનોહારી;
કર્મ કલંકકું દૂર નિવારી, જીવ વરે શિવનારી. આપ૦

## (૬૬)

પરકમ્મા કરીને લાગું પાય રે, સદ્ગુરુજી મારા.
તમો મલ્યાથી મહાસુખ થાય રે, વિશ્વંભર વાલા.

ભટકી ભટકીને આવ્યો શરણે રે, સદ્ગુરુજી મારા.
રાખો તમારે ચરણે રે, વિશ્વંભર વાલા.

દીનબંધુ દીન પ્રતિપાલ રે, સદ્ગુરુજી મારા.
હું છું અજ્ઞાની નાનું બાળ રે, વિશ્વંભર વાલા.

નજરો કરો તો લીલા નીરખું રે, સદ્‌ગુરુજી મારા.
હૃદય કમળમાં ઘણું હરખું રે, વિશ્વંભર વાલા.

માયાના બંધથી છોડાવો રે, સદ્‌ગુરુજી મારા.
ભક્તિના ભેદ બતાવો રે, વિશ્વંભર વાલા.

ત્રિવિધ તાપ શમાવો રે, સદ્‌ગુરુજી મારા.
ભવસાગર પાર ઉતારો રે, વિશ્વંભર વાલા.

તૃષ્ણાના પૂરમાં તણાયો રે, સદ્‌ગુરુજી મારા.
બૂડતાં બાંય મારી ગ્રહો રે, વિશ્વંભર વાલા.

કામી ક્રોધી ને લોભી જાણી રે, સદ્‌ગુરુજી મારા.
દાસ સર્વેને લેજો તારી રે, વિશ્વંભર વાલા.

## (૬૭)
## ભરતેશ્વર ભૂપતિ ભયો રે વૈરાગી

આભરણ અલંકાર સઘળા ઉતારી, મસ્તકસેંતી પાગી;
આપો આપ થઈને બેઠા, તવ દેહ દીસે છે નાગી,
ભરતેશ્વર ભૂપતિ ભયો રે વૈરાગી. ૧

અન્યત્વભાવના એવી રે ભાવી, ચાર કરમ ગયા ભાગી;
દેવતાએ દીધો ઓઘો-મુહપત્તી, જિનશાસનના રાગી. ભ૦ ૨

સ્વાંગ દેખી ભરતેશ્વર કેરો, સહિયરો હસવાને લાગી;
હસવાની અબ ખબર પડેગી, રહેજો અમશું આઘી. ભ૦ ૩

ચોરાસી લાખ હયવર ગયવર, છન્નું ક્રોડ હે પાગી;
ચોરાસી લાખ રથસંગ્રામી, તત્ક્ષણ દીધા છે ત્યાગી. ભ૦ ૪

ચાર ક્રોડ મણ અન્ન નિત સીઝે,દશલાખ મણ લુણ લાગી;
ચોસઠ સહસ અંતેઉરી ત્યાગી, સુરતા મોક્ષસેં લાગી. ભ૦ ૫

અડતાળીસ કોસમાં લશ્કર પડે છે,દુશ્મન જાય છે ભાગી;
ચૌદ રતન તો અનુમતિ માગે, મમતા સહુશું ભાગી. ભ૦ ૬

તીન ક્રોડ ગોકુલધણ દૂઝે, એક ક્રોડ હળ ત્યાગી;
સહસ બત્રીશ દેશ વડભાગી, ભયે સરવકે ત્યાગી. ભ૦ ૭

ભરી સભામાં ભરતેશ્વર બોલ્યા, ઊઠો ખડા રહો જાગી;
આ લોક ઉપર નજર ન દેશો, નજર દેજો તુમે આઘી. ભ૦ ૮

વચન સુણી ભરતેશ્વર કેરા, દશ સહસ્ર ઊઠ્યા છે જાગી,
કુટુંબ-કબીલો હાટ-હવેલી, તત્ક્ષણ દીધાં છે ત્યાગી. ભ૦ ૯

એક લાખ પૂરવ લગે, સંયમ કેવળ સાર;
શેષ અઘાતી કર્મ ખપાવી, પહોત્યા મોક્ષ મોઝાર.ભ૦૧૦

## (૬૮)

ભક્તિ કરતા છૂટે મારા પ્રાણ પ્રભુ એવું માગું છું;
રહે ચરણકમળમાં ધ્યાન પ્રભુ એવું માગું છું.
તારે શરણે છૂટે મારા પ્રાણ પ્રભુ એવું માગું છું.

તારું મુખડું પ્રભુજી હું જોયા કરું;
રાતદહાડો ભજન તારાં બોલ્યા કરું;
રહે અંતસમય તારું ધ્યાન પ્રભુ એવું માગું છું.

મારી આશા નિરાશા કરજે નહીં;
મારા અવગુણ હૈયામાં ધરજે નહીં;
શ્વાસે શ્વાસે રહે તારું નામ પ્રભુ એવું માગું છું.

મારા પાપ ને તાપ શમાવી દેજે;
તારા ભક્તોને શરણમાં રાખી લેજે;
આવી દેજે દરશન દાન પ્રભુ એવું માગું છે.

## (૬૯) શ્રી દિવાળીનું સ્તવન

મારે દિવાળી થઈ આજ, પ્રભુ મુખ જોવાને;
સર્યાં સર્યાં રે સેવકનાં કાજ, ભવદુઃખ ખોવાને.

મહાવીરસ્વામી મુગતે પહોત્યા, ગૌતમ કેવળજ્ઞાન રે;
ધન્ય અમાવસ્યા ધન્ય દિવાળી,મહાવીરપ્રભુ નિર્વાણ.
પ્રભુ મુખ જોવાને. ૧

ચારિત્ર પાળી નિરમળું રે, ટાળ્યા વિષય કષાય રે;
એવા મુનિને વંદીએ જે, ઉતારે ભવપાર.
પ્રભુ મુખ જોવાને. ૨

બાકુળા વહોરી વીરજીએ, તારી ચંદનબાળા રે;
કેવળ લઈને મુગતે પહોત્યા, પામ્યા ભવનો પાર.
પ્રભુ મુખ જોવાને. ૩

એવા મુનિને વંદીએ જે, પંચ જ્ઞાનને ધરતા રે;
સમવસરણે દઈ દેશના પ્રભુ, તાર્યા નર ને નાર.
પ્રભુ મુખ જોવાને. ૪

ચોવીસમા જિનેશ્વરુ ને, મુક્તિતણા દાતાર રે;
કર જોડી કવિ એમ ભણે, પ્રભુ દુનિયા ફેરો ટાળ.
પ્રભુ મુખ જોવાને. ૫

---

## (૭૦)

મન તો વીંધાયું વ્હાલાજીની સાથ રે,
મને વ્હાલો વિસાર્યો ના વીસરે. હો મને વ્હાલો૦

આઠે પહોર હુલામણ મારા ઉરમાં, આઠે૦
બીજી વ્હાલી ન લાગે વાત રે. મને વ્હાલો૦ ૧

જેમ રત્ન જડ્યું રે હોય રંકને, જેમ૦
તેમ સત્ય થયું છે સાક્ષાત રે. મને વ્હાલો૦ ૨

જેની કાજે દમે છે અતિ દેહને, જેની૦
તે તો આવ્યું છે મારે હાથ રે. મને વ્હાલો૦ ૩

વારિ વારિ જાઉં ગુરુજીને વારણે, વારિ૦
જેણે નિરખાવ્યા નિજ નાથ રે. મને વ્હાલો૦ ૪

તેની તોલે ન આવે ત્રણ લોકમાં, તેની૦
જેની વિશ્વવિચિત્ર છે ભાત રે. મને વ્હાલો૦ ૫

ધન્ય ધન્ય દયા રે ગુરુદેવની
મારા નાથની, મારા રાજની, ધન્ય૦
નામે નિરાંત નીરખો અજાત રે. મને વ્હાલો૦ ૬

## (૭૧)

## મિચ્છા મિ દુક્કડં

આ ભવ ને ભવો-ભવ મહીં, થયું વેર વિરોધ,
અંધ બની અજ્ઞાનથી, કર્યો અતિશય ક્રોધ,
તે સવિ મિચ્છા મિ દુક્કડં.

જીવ ખમાવું છું સવિ, ક્ષમા કરજો સદાય;
વેર વિરોધ ટળી જજો, અક્ષય પદ સુખ સોય,
સમભાવી આતમ થશે.

ભારે કર્મી જીવડા, પીવે વેરનું ઝેર;
ભવ અટવીમાં તે ભમે, પામે નહિ શિવ લહેર,
ધર્મનું મર્મ વિચારજો.

## (૭૨)

અબ મૈં સાચો સાહિબ પાયો.

યાકી સેવન કરત હું યાકું, મુજ મન પ્રેમ સુહાયો. અ૦૧

ઠાકુર ઔર ન હોવે અપનો, જો દીજે ઘર માયો;
સંપતિ અપની ખિનુમેં દેવે, વે તો દિલમેં ધ્યાયો. અ૦૨

ઔરનકી જન કરત ચાકરી, દૂર દેશ પાય ઘાસે;
અંતરયામી ધ્યાનેં દીસે, વે તો અપને પાસે. અ૦૩

ઓર કબહું કોઉ કારન કોપ્યો, બહોત ઉપાય ન તૂસે;
ચિદાનંદમેં મગન રહતુ હે, વે તો કબહું ન રૂસે. અ૦૪

ઓરનકી ચિંતા ચિતિ ન મિટે, સબ દિન ધંધે જાવે;
થિરતા ગુન પૂરન સુખ ખેલે, વે તો અપને ભાવે. અ૦૫

પરાધીન હે ભોગ ઓરકો, તાતેં હોત વિયોગી;
સદા સિદ્ધ સમ શુદ્ધ વિલાસી, વે તો નિજ ગુન ભોગી. અ૦૬

જ્યોં જાનો ત્યોં જગજન જાનો, મેં તો સેવક ઉનકો;
પક્ષપાત તો પરસૂં હોવે, રાગ ધરત હું ગુનકો. અ૦૭

ભાવ એક હે સબ જ્ઞાનીકો, મૂરખ ભેદ ન પાવે;
અપનો સાહિબ જો પહિચાને, સો જસ લીલા પાવે. અ૦૮

## (૭૩)

એક જ દે ચિનગારી મહાનલ! એક જ દે ચિનગારી. ટેક.

ચકમક લોઢું ઘસતાં ઘસતાં, ખરચી જિંદગી સારી;
જામગરીમાં તણખો ન પડ્યો, ન ફળી મહેનત મારી. મહા૦

ચાંદો પ્રગટ્યો સૂરજ પ્રગટ્યો, પ્રગટી આભ અટારી;
ના પ્રગટી એક સગડી મારી, વાત વિપદની ભારી. મહા૦

ઠંડીમાં મુજ કાયા થથરે, ખૂટી ધીરજ મારી;
વિશ્વાનલ! હું અધિક ન માગું, માગું એક ચિનગારી. મહા૦

---

## (૭૪)

ગોવિંદો પ્રાણ અમારો રે, મને જગ લાગ્યો ખારો રે;
મને મારો રામજી ભાવે રે, બીજો મારી નજરે ન આવે રે. (ટેક)

મીરાંબાઈના મહેલમાં રે, હરિસંતનનો વાસ;
કપટીથી હરિ દૂર વસે, મારા સંતનકેરી પાસ. ગોવિંદો૦

રાણોજી કાગળ મોકલે રે, દો રાણી મીરાંને હાથ;
સાધુની સંગત છોડી દો, તમો વસોને અમારી સાથ. ગોવિંદો૦

મીરાંબાઈ કાગળ મોકલે રે, દેજો રાણાજીને હાથ;
રાજપાટ તમે છોડી રાણાજી, વસો સાધુને સાથ. ગોવિંદો૦

વિષનો પ્યાલો રાણે મોકલ્યો રે, દેજો મીરાંને હાથ;
અમૃત જાણી મીરાં પી ગયાં, જેને સહાય શ્રીવિશ્વનો નાથ. ગોવિંદો૦

સાંઢવાળા સાંઢ શણગારજે રે, જાવું સો સો રે કોશ;
રાણાજીના દેશમાં મારે, જળ રે પીવાનો દોષ. ગોવિંદો૦

ડાબો મેલ્યો મેવાડને રે, મીરાં ગઈ પશ્ચિમમાંય;
સર્વ છોડીને મીરાં નીસર્યાં, જેનું માયામાં મનડું ન કાંય. ગોવિંદો૦

સાસુ અમારી સુષુમણા રે, સસરો પ્રેમ સંતોષ;
જેઠ જગજીવન જગતમાં, મારો નાવલિયો નિર્દોષ. ગોવિંદો૦

ચૂંદડી ઓઢું ત્યારે રંગ ચૂવે રે, રંગબેરંગી હોય;
ઓઢું હું કાળો કામળો, દૂજો ડાઘ ન લાગે કોય. ગોવિંદો૦

---

## (૭૫) જોજે રે તારી

જોજે રે તારી જિંદગી જવાની,
જિંદગી જવાની તારી નથી રે રહેવાની. જોજે રે...

આવ્યો છે એકલો ને એકલો જવાનો,
મારું મારું કરે છે પણ મૂકીને જવાનો,
ધન દૌલત બધું પડી રે રહેવાનું. જોજે રે...

મનુષ્ય જનમ તને મોંઘો મળ્યો છે,
રાજનો યોગ તને રૂડો મળ્યો છે,
આવો રૂડો યોગ નકામો ન જાય રે. જોજે રે...

ચેત રે ચેતાવું કાળ માથે ઊભો છે,
ભક્તિનું ભાથું બાંધ છેલ્લો ફેરો છે,
પળ પળ જાય તારી સવા રે લાખની. જોજે રે...

દાવ રે મળ્યો છે તને પ્રભુ (રાજ) ભજવાનો,
કરી લે વિચાર અલ્યા દાવ જીતવાનો,
અંતે તો કાયા તારી રાખ રે થવાની. જો જે રે...

લાખ રે કમાયો તો યે તું ના ધરાયો,
અનીતિનો ધંધો કરી પાપ તું કમાયો,
સંતો કહે એવી જિંદગી શા કામની. જોજે રે...

---

## (૭૬) જિંદગીનો શો ભરોસો

જિંદગીનો શો ભરોસો વહી જશે, (૨)
જોતજોતામાં સમય પૂરો થશે. જિંદગીનો૦ ૧

જિંદગી એક ફૂલ છે સંભાળજો,
આજ અગર કાલ જરૂર કરમાઈ જશે. જિંદગીનો૦ ૨

કાયા કાચી કુંભ સાચું માનજો,
કાળ ટક્કર લાગતા એ ફૂટી જશે. જિંદગીનો૦૩

પાણી પહેલા પાળ જીવનમાં બાંધજો;
અણધાર્યું ઓચિંતું તેડું આવશે. જિંદગીનો૦૪

ભક્તિ ભાવે ભવનું ભાથું બાંધજો,
રાજ પ્રભુને ભજતા ભવને તરી જશે. જિંદગીનો૦૫

---

## (૭૭) એવી છે કુદરતની કળા

એવી છે કુદરતની કળા, અણધાર્યું તે આગળ થાય,
આપણું ધાર્યું કાંઈ નવ થાય, પ્રભુનું ધાર્યું આગળ થાય.

રાજા દશરથ એના મનમાં વિચારે,
વહેલી સવારે રામને ગાદીએ બેસાડું,
વહેલી સવારે રામ વનવાસ જાય. અણધાર્યું૦૧

રાજા રાવણ અતિ મહા બળિયો,
સીતા માતાનું હરણ કરી ગયો,
સોનેરી લંકામાં લાગી છે આગ. અણધાર્યું૦ ૨

અર્જુન નંદન અતિ મહાબળિયો,
સાતે કોઠા જીતવાને યુદ્ધે ચઢ્યો,
સાતમે કોઠે વ્હાલો રણમાં રોળાય. અણધાર્યું ૦૩

સદ્ગુરુ કબીરજી સ્વર્ગે સિધાવે,
હિંદુ મુસ્લિમ ઝગડો ચલાવે,
ચાદર ખસેડતા ફુલડા વેરાય. અણધાર્યું૦૪

---

## (૭૮)

તારે માથે કોપી રહ્યો કાળ રે, ઊંઘ તને કેમ આવે?
પાણી પહેલાં બાંધી લેને પાળ રે, ઊંઘ તને કેમ આવે?

નથી એકેય ઘડીનો નિર્ધાર રે, ઊંઘ તને કેમ આવે?
આ તો સપના જેવો સંસાર રે, ઊંઘ તને કેમ આવે?

અલ્યા! એળે ખોયો અવતાર રે, ઊંઘ તને કેમ આવે?
તારે માથે છે જમનો માર રે, ઊંઘ તને કેમ આવે?

તારા મનનું ધાર્યું થશે ધૂળ રે, ઊંઘ તને કેમ આવે?
તારે તોલામાં મણની ભૂલ રે, ઊંઘ તને કેમ આવે?

કરી આવ્યો છે ગર્ભમાં કોલ રે, ઊંઘ તને કેમ આવે?
થોલ આવેલું થાય છે કથોલ રે, ઊંઘ તને કેમ આવે?

જોતાં જોતાં આયુષ તૂટી જાય રે, ઊંઘ તને કેમ આવે?
તારા ડહાપણમાં લાગી લાય રે, ઊંઘ તને કેમ આવે?

કાંઠે આવેલું ડૂબશે જહાજ રે, ઊંઘ તને કેમ આવે?
તારે કાજે કહે છે ઋષિરાજ રે, ઊંઘ તને કેમ આવે?

## (૭૯)

રાગ સદર

હરિભજન વિના, દુઃખદરિયા સંસારનો પાર ન આવે;
જડબુદ્ધિ જીવ, સંતવિના શુદ્ધ મારગ કોણ બતાવે. (ટેક)

તેં અનેક વાર અવતાર ધર્યા, બહુ કર્મતણા કોઠાર ભર્યા;
અઘ ઓઘ તણા અંબાર કર્યા. હરિ૦ ૧

તું ઝાડ પહાડ જડરૂપે રહ્યો, તેં શીત વર્ષા બહુ તાપ સહ્યો;
તારો ક્લેશ કોણે નવ જાય કહ્યો. હરિ૦ ૨

ફર્યો ચાર ખાણ લક્ષ ચોરાશી, થયો જળચર સ્થળચર નભવાસી;
માયાબંધનથી ન શક્યો નાસી. હરિ૰૭૩
પામ્યો મનુષ્યદેહ તેમાં ન મણા, ધન ધામ પુત્ર પરિવાર ઘણા,
હવે ગાઈ લે ગુણ ગોવિંદ તણા. હરિ૰૭૪
કહે પ્રીતમ ચેતી લે પ્રાણી, એવું જનમમરણનું દુઃખ જાણી;
શું સૂતો છે આળસ આણી. હરિ૰૭૫

## (૮૦)

હાંરે મારે સજની ટાણું આવ્યું છે ભવજળ તરવાનું;
મોંઘો મનુષ્યનો વારો, ભવજળ તરવાનો આરો,
ડાહ્યા દિલમાં વિચારો. સત્સંગ કીજીએ.૭૧
હાં રે મારે સજની આરે ચોઘડિયાં અમૃત લાભનાં;
વીજળી ઝબકારા જેવાં, મોતી પરોવી લેવાં;
ફરી ફરી નહિ મળે એવાં, સત્સંગ કીજીએ.૭૨
હાં રે મારે સજની સંત વચન ઉર ધારીએ,
ગાંઠ વાળી ના છૂટે, નિયમા નિશ્ચય ના ત્રુટે,
સંસાર છોને શિર કૂટે, સત્સંગ કીજીએ.૭૩
હાં રે મારે સજની દાન દયાની ઘડીઓ છેલ્લી છે,
દાન સુપાત્રે કરજો, ધ્યાન પ્રભુજીનું ધરજો.
કાને કથા સાંભળજો, સત્સંગ કીજીયે.૭૪
હાં રે મારે સજની સંત સાધુની સેવા કીજીએ,
પાપ પૂર્વનાં બળવા, બ્રહ્મ સ્વરૂપમાં ભળવા,
શ્રીમદ્ સદ્ગુરુને વરવા, સત્સંગ કીજીએ.૭૫
હાં રે મારે સજની શિરને સાટે રે સદ્ગુરુ વ્હોરીએ,
પાછાં પગલાં નવ ભરીએ, મન કર્મ વચને હરિ વરીએ,
બ્રહ્માનંદ કહે ભવ તરીએ, સત્સંગ કીજીએ.૭૬

## (૮૧)

પ્રભુ પતિત પાવન, મૈં અપાવન, ચરન આયો શરનજી,
યો બિરદ આપ નિહાર સ્વામી, મેટ જામન મરનજી;
તુમ ના પિછાન્યા, આન માન્યા, દેવ વિવિધ પ્રકારજી,
યા બુદ્ધિ સેતી નિજ ન જાન્યો, ભ્રમ ગિન્યો હિતકારજી. ૧

ભવ વિકટ વનમેં કરમ વૈરી, જ્ઞાનધન મેરો હર્યો,
તબ ઇષ્ટ ભૂલ્યો ભ્રષ્ટ હોય, અનિષ્ટગતિ ધરતો ફિર્યો;
ધન ઘડી યો ધન દિવસ યો હી, ધન જનમ મેરો ભયો,
અબ ભાગ મેરો ઉદય આયો, દરશ પ્રભુકો લખ લયો. ૨

છબિ વીતરાગી, નગન મુદ્રા, દૃષ્ટિ નાસાપૈં ધરૈં,
વસુ પ્રાતિહાર્ય અનંત ગુણજુત, કોટી રવિ છબિકો હરૈં;
મિટ ગયો તિમિર મિથ્યાત મેરો, ઉદય રવિ આતમ ભયો,
મો ઉર હરખ ઐસો ભયો, મનુ રંક ચિંતામણિ લયો. ૩

મૈં હાથ જોડ નવાય મસ્તક, વીનઊં તુમ ચરનજી,
સર્વોતકૃષ્ટ ત્રિલોકપતિ જિન, સુનહુ તારન તરનજી;
જાચૂં નહીં સુરવાસ પુનિ, નરરાજ પરિજન સાથજી,
બુધ જાચહૂઁ તુમ ભક્તિ ભવભવ, દીજીયે શિવનાથજી. ૪

## (૮૨)

તે ગુરુ મેરે ઉર વસો, જે ભવજલધિ જિહાજ;
આપ તિરૈં પર તારહિં, ઐસે શ્રી ઋષિરાજ. તે ગુરુ૦ ૧

મોહ મહારિપુ જાનિકૈં, છાંડ્યો સબ ઘર-બાર;
હોય દિગંબર વન વસૈં, આતમ શુદ્ધ વિચાર. તે ગુરુ૦ ૨

રોગ ઉરગ બિલ વપુ ગિન્યો, ભોગ ભુજંગ સમાન;
કદલી તરુ સંસાર હૈ, ત્યાગ્યો સબ યહ જાન. તે ગુરુ૦ ૩

રત્નત્રયનિધિ ઉર ધરૈં, અરુ નિર્ગ્રંથ ત્રિકાલ;
માર્યો કામ ખવીસકો, સ્વામી પરમ દયાલ. તે ગુરુ૦૪

પંચ મહાવ્રત આદરૈં, પાંચો સમિતિ સમેત;
તીન ગુપતિ પાલૈં સદા, અજરઅમર પદ હેત. તે ગુરુ૦૫

ધર્મ ધરૈં દશલક્ષણી, ભાવૈં ભાવન સાર;
સહૈં પરિષહ બીસદ્વૈ, ચારિત્ર રતન ભંડાર. તે ગુરુ૦૬

જેઠ તપૈ રવિ આકરૌ, સૂખે સરવરનીર;
શૈલશિખર મુનિ તપ તપૈં, દાઝૈં નગન શરીર. તે ગુરુ૦ ૭

પાવસ રૈન ડરાવની, વરસૈં જલધર ધાર;
તરુ તલ નિવસૈં તવ યતિ, બાઝૈં ઝંઝાવ્યાર. તે ગુરુ૦ ૮

શીત પડૈ કપિમદ ગલૈ, દાહૈં સબ વનરાય;
તાલતરંગિનીકે તટૈં, ઠાડે ધ્યાન લગાય. તે ગુરુ૦ ૯

ઇહવિધિ દુદ્ધર તપ તપૈં, તીનોં કાલ મઝાર;
લાગૈ સહજ સ્વરૂપ સૌં, તનસૌં મમત નિવાર. તે ગુરુ૦૧૦

પૂરવ ભોગ ન ચિંતવૈં, આગમ વાંછે નાહિં;
ચહુંગતિકે દુખસૌં ડરૈ, સુરતિ લગી શિવમાંહિ. તે ગુરુ૦૧૧

રંગમહલમેં પૌઢતે, કોમલ સેજ બિછાય;
તે પશ્ચિમ નિશિ ભૂમિમેં, સોવૈં સંવરિ કાય. તે ગુરુ૦૧૨

ગજ ચઢિ ચલતે ગરબસૌં, સેના સજિ ચતુરંગ;
નિરખિ-નિરખિ પગ વે ધરૈં, પાલૈં કરુણા અંગ. તે ગુરુ૦૧૩

વે ગુરુ ચરણ જહાં ધરૈ, જગમેં તીરથ તેહ;
સો રજ મમ મસ્તક ચઢો, ભૂધર માંગે યેહ. તે ગુરુ૦૧૪

## (૮૩)

(ચૌપાઈ)

અબ હસ્તી સંજમ સાધૈ, ત્રસ જીવ ન ભૂલ વિરાધૈ;
સમભાવ છિમા ઉર આનૈ, અરિ-મિત્ર બરાબર જાનૈ. ૧

કાયા કસિ ઇન્દ્રી દંડે, સાહસ ધરિ પ્રૌષધ મંડે;
સૂખે તૃણ-પલ્લવ ભચ્છૈ, પરમર્દિત મારગ ગચ્છૈ. ૨

હાથી ગણ ડોહ્યો પાની, સો પીવૈ ગજપતિ જ્ઞાની;
નિજ શીલ કભી નહિ ખોવૈ, હથિની દિશિ ભૂલ ન જોવૈ. ૩

દેખે બિન પાવ ન રાખૈ, તન પાની પંક ન નાખૈ;
ઉપસર્ગ સહૈ અતિ ભારી, દુરધ્યાન તજૈ દુઃખકારી. ૪

અઘકે ભય અંગ ન હાલૈ, દિઢ ધીર પ્રતિજ્ઞા પાલૈ;
ચિરલોં દુદ્ધર તપ કીનૌ, બલહીન ભયો તન છીનૌ. ૫

પરમેષ્ટિ પરમપદ ધ્યાવૈ, ઐસેં ગજ કાલ ગમાવૈ;
એકૈ દિન અધિક તિસાયો, તબ વેગવતી તટ આયો. ૬

જલ પીવન ઉદ્યમ કીધો, કાદોદ્રહ કુંજર બીધો;
નિહચૈં જબ મરણ વિચારો, સંન્યાસ સુધી તબ ધારો. ૭

સો કમઠ કલંકી મૂવો, તા વન કુરકટ અહિ હૂવો;
તિન આય ડસ્યો ગજ જ્ઞાતા, યહ વૈર મહાદુઃખદાતા. ૮

દોહા : મરણ કરો ગજરાજ તબ, રાખી નિર્મલ ભાવ;
સુરગ બારવેં સુર ભયો, દેખો ધર્મપ્રભાવ. ૯

## (૮૪)

પાપસ્થાનક ચોથું વરજિયે, દુર્ગતિ મૂળ અબંભ;
જગ સવિ મૂંઝ્યો છે એહમાં, છાંડે તેહ અચંભ.પાપ૦ ૧

રૂડું લાગે રે એ ધુરે, પરિણામે અતિ ક્રૂર;
ફળ કિંપાકના સારિખું, સજ્જન વરજે દૂર.પાપ૦ ૨

અધર વિદ્રુમ સ્મિત ફૂલડાં, કુચ ફળ કઠિન વિશાળ;
રામા દેખી ન રાચીએ, એ વિષવેલી રસાળ.પાપ૦ ૩

પ્રબળ જ્વલિત અયપૂતળી, આલિંગન ભલું તંત;
નરક દુવાર નિતંબિની, જઘન સેવન એ દુરંત.પાપ૦ ૪

દાવાનળ ગુણ વન તણો, કુળ મષિ કૂર્ચક એહ;
રાજધાની મોહરાયની, પાતક કાનન-મેહ.પાપ૦ ૫

પ્રભુતાએ હરિ સારિખો, રૂપે મયણ અવતાર;
સીતાએ રાવણ યથા, છંડો પરનર નાર. પાપ૦ ૬

દશ શિર રણમાંહે રોળવ્યાં, રાવણ વિવશ અબંભ;
રામે ન્યાયે રે આપણો, રોપ્યો જગ જયથંભ. પાપ૦ ૭

પાપ બંધાયે રે અતિ ઘણું, સુકૃત સકળ ક્ષય જાય;
અબ્રહ્મચારીનું ચિંતવ્યું, કદીય સફળ નવિ થાય. પાપ૦ ૮

મંત્ર ફળે જગ જશ વધે, દેવ કરે સાનિધ્ય;
બ્રહ્મચર્ય ધરે જે નરા, તે પામે નવનિધ. પાપ૦ ૯

શેઠ સુદર્શનને ટળી, શૂળી સિંહાસન હોય;
ગુણ ગાયે ગગને રે દેવતા, મહિમા શિયળનો જોય.પાપ૦૧૦

મૂળ ચારિત્રનું એ ભલું, સમકિત વૃદ્ધિ નિદાન;
શીળ સલિલ ધરે જિકે, તસ હોવે સુજસ વખાણ.પાપ૦૧૧

## (૮૫)

ત્રિશલાનંદન વીરજી મનમંદિર આવો,
ભાવના ભક્તિથી વીનવું ટૂંક નજર મિલાવો. ત્રિ૦ ૧

મૈત્રી પ્રમોદ કારુણ્યતા મધ્યસ્થસ્વભાવો,
હિત-ચિંતન કરી સાહિબા મૈત્રી ભાવ બતાવો. ત્રિ૦ ૨

ગુણ ગુણી પક્ષ પ્રમોદતા પ્રભુ તેહ કરાવો,
દુખિયાનાં દુઃખ કાપવા જરા કરુણા લાવો. ત્રિ૦ ૩

શત્રુ મિત્ર સમચિત્તતા મધ્યસ્થ સહાવો,
દુષ્ટબુદ્ધિ પ્રાણી ઉપરે દુષ્ટ ના ધરું દાવો. ત્રિ૦ ૪

ચૌદ રાજના ચોકમાં પ્રભુ આગલ ચાવો,
નાટિક નાચ્યો નાથજી રીઝી મોજ અપાવો. ત્રિ૦ ૫

રીઝો નહીં તો જગધણી નાટિક વર્જાવો,
સહજાનંદ વિલાસનાં સુખડાં દિખલાવો. ત્રિ૦ ૬
સૂરિ રાજેંદ્ર મનમોહના દાસ આશ પુરાવો,
ધન મુનિવર તારક પ્રભુ સાચો નામ ધરાવો. ત્રિ૦૭

---

## (૮૬)

(કૈસે તેને જંબુકો મેરુ કંપાયો—એ દેશી)

નાથ તેરો દર્શન દુર્લભ પાયો, હાંરે મોકું કર્મ નઠારે નચાયો. નાથ૦

ભવ ભવ ભટકત દશ દૃષ્ટાંતે, દુલ્લહો નરભવ પાયો;
આર્જ ક્ષેત્ર, ઉત્તમ કુલ જાતિ, દુલ્લહી નીરોગી કાયો. ના૦ ૧

પાંચું ઇંદ્રી પ્રવડી પામી, દુલ્લહો ધન સંપ્રદાયો;
સદ્ગુરુ જોગ સિદ્ધાંત સાંભળવું, દુર્લભ ચિત્ત સમજાયો. ના૦ ૨

સદ્દહણા શુદ્ધિ જિનસૂત્રની, દુક્કર અંગ ધરાયો;
સામગરી સઘલી લહી સુંદર, મૂઢ પ્રમાદે હરાયો. ના૦ ૩

કુગુરુ કુદેવ કુધર્મ પ્રસંગે, દુર્લભ બોધ પઠાયો,
રત્ન ચિંતામણિ દેવનો દીધો, જેમ ગમારે ગમાયો. ના૦ ૪

બોધિ રયણ વિણ હું બહુ ભટક્યો, હવે પ્રભુ શરણે આયો;
ત્રિશલાનંદન બોધિ ભાવના, માગું હું શીશ નમાયો. ના૦ ૫

હરિ હરદેવ કુદેવથી ઉભગી, તુજ સેવા મન ભાયો;
કરુણાનજર હવે પ્રભુની લહીને, સુગુરુ સુદેવ દિલ ધાયો. ના૦ ૬

બોધિ રયણ દેઈ શ્રેણિકને પ્રભુ, નિજ ગુણઠાણે છાયો;
દાયક તેમ દયા કરી દીજે, ધન મુનિ દાન સવાયો. ના૦ ૭

## (૮૭)

સમકિત નવિ લહ્યું રે, તે તો રૂલ્યો ચતુર્ગતિ માંહિ.

ત્રસ થાવરકી કરુણા કીની, જીવ ન એક વિરાધ્યો;
તીન કાલ સામાયિક કરતાં, શુદ્ધ ઉપયોગ ન સાધ્યો. સ૦ ૧

જૂઠ બોલવાકો વ્રત લીનો, ચોરીકો પણ ત્યાગી;
વ્યવહારાદિક મહાનિપુણ ભયો, પણ અંતરદૃષ્ટિ ન જાગી. સ૦ ૨

ઊર્ધ્વ બાહુ કરી ઊંધો લટકે, ભસ્મ લગા ધુમ ઘટકે;
જટા જુટ શિર મૂંડે જૂઠો, વિણ શ્રદ્ધા ભવ ભટકે. સ૦ ૩

નિજ-પર નારી ત્યાગ જ કરકે, બ્રહ્મચારી વ્રત લીનો;
સ્વર્ગાદિક યાકો ફળ પામી, નિજ કારજ નવિ સીધ્યો. સ૦ ૪

બાહ્યક્રિયા સબ ત્યાગ પરિગ્રહ, દ્રવ્ય લિંગ ધર લીનો;
દેવચંદ્ર કહે યા વિધ તો હમ, બહુતવાર કર લીનો. સ૦ ૫

## (૮૮)

(વિમળાચળ વેગે વધાવો—એ દેશી)

ચઉમાસી પારણું આવે, કરી વિનતિ નિજ ઘર જાવે;
પ્રિયા પુત્રને વાત જણાવે, પટકૂળ જરી પથરાવે રે.
મહાવીરપ્રભુ ઘેર આવે,જીરણ શેઠજી ભાવના ભાવે રે. ૧

ઊભી શેરીએ જળ છંટકાવે, જાઇ કેતકી ફૂલ બિછાવે;
નિજ ઘર તોરણ બંધાવે, મેવા મીઠાઈ થાળ ભરાવે રે. મ૦ ૨

અરિહાને દાન જ દીજે, દેતાં દેખી જે રીઝે;
ષટ્માસી રોગ હરીજે, સીઝે દાયક ભવ ત્રીજે રે. મ૦ ૩

તે જિનવર સનમુખ જાવું, મુજ મંદિરિયે પધરાવું;
પારણું ભલી ભક્તે કરાવું, જુગતે જિનપૂજા રચાવું રે. મ૦ ૪

પછી પ્રભુને વોળાવા જઈશું, કર જોડી સામા રહીશું;
નમી વંદી પાવન થઈશું, વિરતિ અતિ રંગે વહીશું રે. મ૦ ૫

દયા, દાન, ક્ષમા, શીલ ધરશું, ઉપદેશ સજ્જનને કરશું;
સત્ય જ્ઞાનદશા અનુસરશું, અનુકંપા લક્ષણ વરશું રે. મ૦ ૬

એમ જીરણશેઠ વદંતા, પરિણામની ધારે ચઢંતા;
શ્રાવકની સીમે ઠરંતા, દેવદુંદુભિ નાદ સુણંતા રે. મ૦ ૭

કરી આયુ પૂરણ શુભભાવે, સુરલોક અચ્યુતે જાવે;
શાતાવેદની સુખ પાવે, શુભવીર વચનરસ ગાવે રે. મ૦ ૮

## (૮૯)

(ન્હવણની પૂજા રે નિરમલ આતમા રે—એ રાગ )

પ્રભુજી સિધાવ્યા રે, કર્મદળ જીતવા રે,
વીરજી સિધાવ્યા રે, કર્મદળ જીતવા રે.

સહેતા પરિસહ અતિ દુઃખકાર, અભિગ્રહ ધારે વિવિધ પ્રકાર,
કર્મ ખપાવે રે સમ્યગ્ ભાવથી રે. પ્રભુજી૦ ૧

પીડતો શૂળપાણિ લેઈ લાગ, ડશીઓ ચંડકોશીઓ નાગ,
નાગકુમારે રે પ્રભુજીને દૂભવ્યા રે. પ્રભુજી૦ ૨

ગોશાલો કટપૂતના ક્રૂર, વ્યંતરી શાલાર્યા મગરૂર,
સંગમ દેવે રે ઉપસર્ગો કર્યા રે. પ્રભુજી૦ ૩

મનમાં આણી અતિશય કોપ, કર્ણે ખીલા ઠોકે ગોપ,
નાદ કરંતાં રે ભૈરવ વન થયું રે. પ્રભુજી૦ ૪

ચંદનબાળાને ભુવન, વ્હોરે બાકુળા ભોજન,
અભિગ્રહ ધારે રે અગણિત કષ્ટના રે. પ્રભુજી૦ ૫

ષડ્માસી, પંચઉણ ષડ્માસી, નવ ચોમાસી બે ત્રણ માસી,
બે અઢી માસી રે ષડ્ બે માસી કરી રે. પ્રભુજી૦ ૬

બે દોઢ માસી દ્વાદશ માસ, બ્હોંતર કીધાં છે અર્ધમાસ,
દ્વાદશ કીધાં રે અટ્ઠમ તપ ભલાં રે. પ્રભુજી૦ ૭

છટ્ઠ તપ બસેં ઓગણત્રીસ, દો ચાર દશ દિન ત્રિભુવન ઈશ,
પ્રતિમા ધારે રે ભદ્રાદિક તણી રે. પ્રભુજી૦ ૮

પારણાં ત્રણસેં ઓગણપચાસ, તપીઆ તપ ઇમ ધરી ઉલ્લાસ,
જલ વિણ કીધાં રે પ્રભુએ તપ સહુ રે. પ્રભુજી૦ ૯

પ્રભુએ પારણાં કીધાં જ્યાંય, કરતા પંચ દિવ્ય સુર ત્યાંય,
જગ ઉપકારી રે જગમાં વિહર્યા રે. પ્રભુજી૦૧૦

વિહર્યા વર્ષ તે સાડાબાર, યશોભદ્ર જીવન આધાર,
ધીરજ ધારી રે કર્મ વિદારિયાં રે. પ્રભુજી૦૧૧

---

## (૯૦)

નિંદા મ કરજો કોઈની પારકી રે, નિંદાના બોલ્યા મહાપાપ રે;
વૈર વિરોધ વાધે ઘણો રે, નિંદા કરતા ન ગણે માય ને બાપ રે.
નિંદા૦ ૧

દૂર બળતી કાં દેખો તુમે રે, પગમાં બળતી દેખો સહુ કોય રે;
પરના મેલમાં ધોયા લૂગડાં રે, કહો કેમ ઊજળાં હોય રે.
નિંદા૦ ૨

આપ સંભાળો સહુકો આપણો રે, નિંદાની મૂકો પડી ટેવ રે;
થોડે ઘણે અવગુણે સહુ ભર્યા રે, કેહના નળિયા ચૂવે કેહના નેવ રે.
નિંદા૦ ૩

નિંદા કરે તો થાયે નારકી રે, તપ જપ કીધું સહુ જાય રે;
નિંદા કરો તો કરજો આપણી રે, જેમ છુટકબારો થાય રે.
નિંદા૦ ૪

ગુણ ગ્રહજો સહુકો તણા રે, જેહમાં દેખો એક વિચાર રે;
કૃષ્ણ પરે સુખ પામશો રે, સમયસુંદર સુખકાર રે.
નિંદા૦ ૫

---

## (૯૧)

મારી સાધનામેં શક્તિ કીયાં આવે મારા પ્રભુજી
સમાવે મારા પ્રભુજી મૈં પંથ થાને પૂછુંજી
મારી ભાવનામેં ભક્તિ કીયાં આવે મારા પ્રભુજી. સમાવે૦ ૧

ભોરમેં તો જાણું આજ ભૂલ નહીં કરણી;
પણ ભોલે ભોલે ભૂલ હોય જાવે મારા પ્રભુજી. સમાવે૦ ૨

એ જાણું આજ અલ્પભાષી બણકર રહસું;
પણ બોલવામેં જોશ ચઢ જાવે મારા પ્રભુજી. સમાવે૦ ૩

એ જાણું આજ જીભડીને ખુલ્લી નહીં છોડું;
પણ સ્વાદ મિલિયાં ખૂબ ખૂબ ખાવે મારા પ્રભુજી. સમાવે૦ ૪

એ જાણું આજ દૂસરાંકી સુણું નહીં નિંદા;
પણ સુણિયાંસું કાન સુખ પાવે મારા પ્રભુજી. સમાવે૦ ૫

એ જાણું આજ આંખડીરો પાપ નહીં લાગે;
પણ ચૂપકેસે ચોટ લગ જાવે મારા પ્રભુજી. સમાવે૦ ૬
એ બાતો તો સોરી પણ પાલનામાં દોરી;
મારી વાસનારો વેગ બઢ જાવે મારા પ્રભુજી. સમાવે૦ ૭
એ ધન્ય વો સંતાને, ખડગધાર પર ચાલે;
પર મ્હાંસૂ તો ચાલ્યો નહીં જાવે મારા પ્રભુજી. સમાવે૦ ૮
એ એસો ઉપાય કોઈ સોચવો રે સ્વામી;
થારી વારી ચંદનમુનિ જાવે મારા પ્રભુજી. સમાવે૦ ૯

## (૯૨)

શિવના અનુગામી અંતરયામી હે નિષ્કામી દ્યો અમને આધાર;
નિજ આતમરામી સુખવિશ્રામી જગના સ્વામી વંદન સો સો વાર.
શિવના અનુગામી૦ ૧

પરમ હિતૈષી કરુણા પ્રતિમા છો જગમાં લઘુરાજ,
તેના આશ્રયથી જગજનનાં સરશે સઘળાં કાજ રે.
શિવના અનુગામી૦ ૨

પીને મોહ મહા મદિરાને ભૂલ્યો હું નિજરૂપ,
કરુણા કરી બતલાવો અમને ક્યાં છે સુખનો ભૂપ રે.
શિવના અનુગામી૦ ૩

સફળ હતો તારા દર્શનથી આ માનવ અવતાર;
કિંતુ વિરહની ભીષણ જ્વાળા સળગે આજ અપાર રે.
શિવના અનુગામી૦ ૪

તારા વિણ જીવનની શોભા છે સૌ ધૂળ સમાન;
અંતરની પીડા છે અધિકી તેનું નથી પ્રમાણ રે.
શિવના અનુગામી૦ ૫

દાવાનળમાં બળતા જીવને દીધો સુંદર બોધ;
એક સાથ ભવિજનનાં ટાળ્યાં આગ્રહ માન વિરોધ રે.
શિવના અનુગામી૦ ૬

સર્વ મુમુક્ષુ જનના મનને દીધી આત્મિક શાંતિ;
ભાન કરાવીને પોતાનું ટાળી મિથ્યા ભ્રાંતિ રે.
શિવના અનુગામી૦ ૭

---

## (૯૩)

સર્વસ્વ હમારા અર્પણ હૈ ગુરુદેવ તુમ્હારે ચરણોંમેં,
અધ્યાત્મભરા આનંદ મહા લઘુરાજ આપ આચરણોંમેં;
હમ ભૂલે ભટકે જીવોંકો સન્માર્ગ આપ દિખલાતે થે,
જીવનકા જીવન હૈ કૃપાલુ યહ સુંદર વચન સુનાતે થે. ૧

તજ જગ ધર્મોકા પક્ષપાત અપનેમેં આપ સમાયે થે,
પા આત્મજ્ઞાનકી સુરભિ મહા અલિ સમ લાખોંજન આયે થે,
સહજાત્મસ્વરૂપ પરમગુરુકા સન્મંત્ર સુનાયા લાખોંમેં,
પ્રત્યક્ષ કૃપાલુ દિખતે થે ભવદીય અલૌકિક આંખોંમેં. ૨

તજ કર અપની પૂજા સારી સદ્ગુરુકો નિત્ય ભજાતે થે,
ઉનકે આધ્યાત્મિક વચનોંકા સબકો રહસ્ય સમઝાતે થે;
હૈ ધર્મ ન વાદવિવાદોંમેં નિજરાગદ્વેષકા ત્યાગ કરો,
તજ કરકે સર્વ વિકારોંકો પ્રભુકે ચરણોંમેં રાગ કરો. ૩

સત્સંગ કરો ઇસ જીવનમેં અપના સારા સ્વચ્છંદ હરો,
લે દૃઢ ગુરુકા આધાર ભક્તિસે ચેતનમેં આનંદ કરો;
ક્યોં કરતા હૈ પરમેં મમતા ધનધાન્ય સાથ નહિ આયેગા,
જબ કૂચ કરેગા ઇસ તનસે સબ પડા યહીં રહ જાયેગા. ૪

સબ છોડ જગતકી ખટપટકો આત્માકો પહલે પહિચાનો,
આત્મા-સા કોઈ દેવ નહીં યોં નિશ્ચયસે મનમેં માનો;
યોં બોધ આપકા સુનકર કે યહ હૃદયકમલ ખિલ જાતા થા,
વૈરાગ્યરૂપ પરિણતિ દ્વારા સામ્રાજ્ય મોહકા જાતા થા. ૫

થા ચમત્કાર મૃદુ વાણીમેં આત્મિકતા થી તન વર્તનમેં,
થા 'રાજ' ભક્તિ ભંડાર હૃદય વિજ્ઞાન ભાવ થા ચેતનમેં;
કર સ્મરણ આપકા પુનઃ પુનઃ યહ ભદ્ર આજ વંદન કરતા,
દે આશ્રય ભવસે પાર કરે હૈ આપ અલૌકિક ઉદ્ધરતા. ૬

---

## (૯૪)

ચેતે તો ચેતાવું તને રે પામર પ્રાણી;
સજી ઘરબાર સારું, મિથ્યા કહે મારું મારું;
તેમાંથી ન કશું તારું રે, પામર પ્રાણી. ચેતે૦ ૧

ખંખેરીને હાથ ખાલી, ઓચિંતાનું જાવું ચાલી;
કરે માથા ફોડ ખાલી રે, પામર પ્રાણી. ચેતે૦ ૨

માખીએ મધપૂડું કીધું, ન ખાધું ન ખાવા દીધું;
લૂંટનારે લૂંટી લીધું રે, પામર પ્રાણી. ચેતે૦ ૩

શાહુકારમાં તું સવાયો, લખપતિ તું લખાયો;
કહે સાચું શું કમાયો રે, પામર પ્રાણી. ચેતે૦ ૪

કમાયો તું માલ કેવો, આવે તારી સાથે એવો;
અવેજ તપાસ એવો રે, પામર પ્રાણી. ચેતે૦ ૫

હજી હાથમાં છે બાજી, કર તું પ્રભુને રાજી;
મૂડી તારી થાશે તાજી રે, પામર પ્રાણી. ચેતે૦ ૬

હાથમાંથી ધન ખોયું, ધૂળથી કપાળ ધોયું;
જાણપણું તારું જોયું રે, પામર પ્રાણી. ચેતે૦ ૭

દૈવે તો રતન દીધી, તેની ન કિંમત કીધી;
મણિ સાટે મેશ લીધી રે, પામર પ્રાણી. ચેતે૦ ૮

મનનો વિચાર તારો, મનમાં રહી જનારો;
વલતી ન આવે વારો રે, પામર પ્રાણી. ચેતે૦ ૯

નીકળ્યો જ્યાં શરીરમાંથી, પછે તું માલિક નથી;
કહે દલપત કથી રે, પામર પ્રાણી. ચેતે૦૧૦

---

## (૯૫)

જેનો કાળ તે કિંકર થઈ રહ્યો, મૃગતૃષ્ણા જળ ત્રૈલોક;
જીવ્યું ધન્ય તેહનું.
દાસી આશા પિશાચી થઈ રહી, કામ ક્રોધ તે કેદી લોક;
જીવ્યું ધન્ય તેહનું.
દીસે ખાતાં પીતાં બોલતાં, નિત્યે છે નિરંજન નિરાકાર;
જીવ્યું ધન્ય તેહનું.
જાણે સંત સલૂણા તેહને, જેને હોય છેલ્લો અવતાર;
જીવ્યું ધન્ય તેહનું.
જગ પાવનકર તે અવતર્યા, અન્ય માત ઉદરનો ભાર;
જીવ્યું ધન્ય તેહનું.
તેને ચૌદ લોકમાં વિચરતાં, અંતરાય કોઈએ નવ થાય;
જીવ્યું ધન્ય તેહનું.
રિદ્ધિ સિદ્ધિ તે દાસીઓ થઈ રહી, બ્રહ્માનંદ હૃદે ન સમાય;
જીવ્યું ધન્ય તેહનું.

---

## (૯૬) રત્નાકર પચ્ચીશી

મંદિર છો મુક્તિ તણી, માંગલ્ય ક્રીડાના પ્રભુ,
ને ઇન્દ્ર નર ને દેવના સેવા કરે તારી વિભુ;
સર્વજ્ઞ છો સ્વામી વળી, શિરદાર અતિશય સર્વના,
ઘણું જીવ તું ઘણું જીવ તું ભંડાર જ્ઞાન કળા તણા. ૧

ત્રણ જગતના આધાર ને અવતાર હે કરુણાતણા,
વળી વૈદ્ય હે દુર્વાર આ સંસારના દુ:ખો તણા;
વીતરાગ વલ્લભ વિશ્વના તુજ પાસ અરજી ઉચ્ચરું,
જાણો છતાં પણ કહી અને આ હૃદય હું ખાલી કરું. ૨

શું બાળકો મા-બાપ પાસે બાળ ક્રીડા નવ કરે?
ને મુખમાંથી જેમ આવે તેમ શું નવ ઉચ્ચરે?
તેમજ તમારી પાસ તારક આજ ભોળા ભાવથી,
જેવું બન્યું તેવું કહું; તેમાં કશું ખોટું નથી. ૩

મેં દાન તો દીધું નહીં ને શિયળ પણ પાળ્યું નહીં,
તપથી દમી કાયા નહીં શુભ ભાવ પણ ભાવ્યો નહીં,
એ ચાર ભેદે ધર્મમાંથી કાંઈ પણ પ્રભુ નવ કર્યું,
મારું ભ્રમણ ભવ સાગરે નિષ્ફળ ગયું નિષ્ફળ ગયું. ૪

હું ક્રોધઅગ્નિથી બળ્યો વળી લોભ સર્પ ડસ્યો મને,
ગળ્યો માનરૂપી અજગરે હું કેમ કરી ધ્યાવું તને?
મન મારું માયાજાળમાં મોહન! મહા મૂંઝાય છે,
ચડી ચાર ચોરો હાથમાં, ચેતન ઘણો ચગદાય છે. ૫

મેં પરભવે કે આ ભવે પણ હિત કાંઈ કર્યું નહીં,
તેથી કરી સંસારમાં સુખ અલ્પ પણ પામ્યો નહીં,

જન્મો અમારા જિનજી! ભવ પૂર્ણ કરવાને થયા,
આવેલ બાજી હાથમાં, અજ્ઞાનથી હારી ગયા. ૬

અમૃત ઝરે તુજ મુખરૂપી ચંદ્રથી તો પણ પ્રભુ,
ભીંજાય નહિ મુજ મન અરેરે! શું કરું હું તો વિભુ,
પથ્થર થકી પણ કઠણ મારું મન ખરે ક્યાંથી દ્રવે,
મરકટ સમા આ મન થકી હું તો પ્રભુ હાર્યો હવે. ૭

ભમતા મહા ભવસાગરે પામ્યો પસાયે આપના,
જે જ્ઞાન દર્શન ચરણરૂપી રત્નત્રય દુષ્કર ઘણા;
તે પણ ગયા પરમાદના વશથી પ્રભુ કહું છું ખરું,
કોની કને કિરતાર આ પોકાર હું જઈને કરું? ૮

ઠગવા વિભુ આ વિશ્વને વૈરાગ્યના રંગો ધર્યા,
ને ધર્મના ઉપદેશ રંજન લોકને કરવા કર્યા;
વિદ્યા ભણ્યો હું વાદ માટે કેટલી કથની કહું?
સાધુ થઈને બહારથી દાંભિક અંદરથી રહું. ૯

મેં મુખને મેલું કર્યું, દોષો પરાયા ગાઈને,
ને નેત્રને નિંદિત કર્યાં પરનારીમાં લપટાઈને;
વળી ચિત્તને દોષિત કર્યું ચિંતી નઠારું પરતણું,
હે નાથ! મારું શું થશે, ચાલાક થઈ ચૂક્યો ઘણું. ૧૦

કરે કાળજાને કતલ પીડા કામની બિહામણી,
એ વિષયમાં બની અંધ હું વિડંબના પામ્યો ઘણી;
તે પણ પ્રકાશ્યું આજ લાવી લાજ આપ તણી કને,
જાણો સહુ તેથી કહું, કર માફ મારા વાંકને. ૧૧

નવકાર મંત્ર વિનાશ કીધો અન્ય મંત્રો જાણીને;
કુશાસ્ત્રનાં વાક્યો વડે હણી આગમોની વાણીને;

કુદેવની સંગતથકી કર્મો નકામાં આચર્યા,
મતિભ્રમ થકી રત્નો ગુમાવી, કાચ કટકા મેં ગ્રહ્યા. ૧૨

આવેલ દૃષ્ટિમાર્ગમાં મૂકી મહાવીર આપને;
મેં મૂઢધીએ હૃદયમાં ધ્યાયા મદનના ચાપને;
નેત્રબાણો ને પયોધર નાભિ ને સુંદર કટિ,
શણગાર સુંદરીઓ તણા છટકેલ થઈ જોયા અતિ. ૧૩

મૃગનયની સમ નારીતણા મુખચંદ્ર નીરખવા વતી,
મુજ મન વિષે જે રંગ લાગ્યો, અલ્પ પણ ગાઢો અતિ;
તે શ્રુતરૂપ સમુદ્રમાં ધોયા છતાં જાતો નથી,
તેનું કહો કારણ તમે બચું કેમ હું આ પાપથી? ૧૪

સુંદર નથી આ શરીર કે સમુદાય ગુણ તણો નથી,
ઉત્તમ વિલાસ કળાતણો દેદીપ્યમાન પ્રભા નથી,
પ્રભુતા નથી તો પણ પ્રભુ અભિમાનથી અક્કડ ફરું,
ચોપાટ ચાર ગતિ તણી, સંસારમાં ખેલ્યા કરું. ૧૫

આયુષ્ય ઘટતું જાય તો પણ પાપબુદ્ધિ નવ ઘટે,
આશા જીવનની જાય પણ વિષયાભિલાષા નવ મટે;
ઔષધ વિષે કરું યત્ન પણ હું ધર્મને તો નવ ગણું,
બની મોહમાં મસ્તાન હું પાયા વિનાનાં ઘર ચણું. ૧૬

આત્મા નથી પરભવ નથી વળી પુણ્ય પાપ કશું નથી,
મિથ્યાત્વીની કટુ વાણી મેં ધરી કાન પીધી સ્વાદથી,
રવિ સમ હતા જ્ઞાને કરી પ્રભુ આપશ્રી તો પણ અરે,
દીવો લઈ કૂવે પડ્યો ધિક્કાર છે મુજને ખરે. ૧૭

મેં ચિત્તથી નહિ દેવની કે પાત્રની પૂજા ચહી,
ને શ્રાવકો કે સાધુઓનો ધર્મ પણ પાળ્યો નહીં;

પામ્યો પ્રભુ નરભવ છતાં રણમાં રડ્યા જેવું થયું,
ધોબીતણા કુત્તા સમું મમ જીવન સહુ એળે ગયું. ૧૮

હું કામધેનુ કલ્પતરુ ચિંતામણિના પ્યારમાં,
ખોટા છતાં ઝંખ્યો ઘણું બની લુબ્ધ આ સંસારમાં;
જે પ્રગટ સુખ દેનાર તારો ધર્મ તે સેવ્યો નહીં,
મુજ મૂર્ખ ભાવોને નિહાળી નાથ! કર કરુણા કંઈ. ૧૯

મેં ભોગ સારા ચિંતવ્યા તે રોગ સમ ચિંત્યા નહીં,
આગમન ઇચ્છ્યું ધનતણું પણ મૃત્યુને પ્રીછ્યું નહીં;
નહિ ચિંતવ્યું મેં નર્ક કારાગૃહ સમી છે નારીઓ,
મધુબિન્દુની આશા મહીં ભયમાત્ર હું ભૂલી ગયો. ૨૦

હું શુદ્ધ આચારો વડે સાધુ હૃદયમાં નવ રહ્યો,
કરી કામ પર ઉપકારનાં યશ પણ ઉપાર્જન નવ કર્યો;
વળી તીર્થના ઉદ્ધાર આદિ કોઈ કાર્યો નવ કર્યા,
ફોગટ અરે આ લક્ષ ચોરાશી તણા ફેરા ફર્યા. ૨૧

ગુરુવાણીમાં વૈરાગ્ય કેરો રંગ લાગ્યો નહિ અને,
દુર્જન તણા વાક્યો મહીં શાંતિ મળે ક્યાંથી મને,
તરું કેમ હું સંસાર આ અધ્યાત્મ તો છે નહિ જરી,
તૂટેલ તળિયાનો ઘડો, જળથી ભરાયે કિમ કરી? ૨૨

મેં પરભવે નથી પુન્ય કીધું ને નથી કરતો હજી,
તો આવતા ભવમાં કહો ક્યાંથી થશે હે નાથજી,
ભૂત ભાવિ ને સાંપ્રત ત્રણે ભવ નાથ હું હારી ગયો,
સ્વામી ત્રિશંકુ જેમ હું આકાશમાં લટકી રહ્યો. ૨૩

અથવા નકામું આપ પાસે નાથ શું બકવું ઘણું?
હે દેવતાના પૂજ્ય! આ ચારિત્ર મુજ પોતા તણું,

જાણો સ્વરૂપ ત્રણ લોકનું તો માહરું શું માત્ર આ,
જ્યાં ક્રોડનો હિસાબ નહિ ત્યાં પાઈની તો વાત ક્યાં? ૨૪

તારાથી ન સમર્થ અન્ય દીનનો ઉદ્ધારનારો પ્રભુ!
મારાથી નહિ અન્ય પાત્ર જગમાં જોતાં જડે હે વિભુ;
મુક્તિ મંગળસ્થાન તોય મુજને ઇચ્છા ન લક્ષ્મી તણી,
આપો સમ્યગ્રત્ન શામ જીવને તો તૃપ્તિ થાયે ઘણી. ૨૫

## (૯૭)

ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના, કરીએ કોટિ ઉપાયજી;
અંતર ઊંડી ઇચ્છા રહી, તે કેમ કરીને તજાયજી. ત્યાગ૦ ૧

વેશ લીધો રે વૈરાગ્યનો, દેશ રહી ગયો દૂરજી;
ઉપર વેશ અચ્છો બન્યો, માંહી મોહ ભરપૂરજી. ત્યાગ૦ ૨

કામ ક્રોધ લોભ મોહનું, જ્યાં લગી મૂળ ન જાયજી;
સંગ-પ્રસંગે પાંગરે, જોગ ભોગનો થાયજી. ત્યાગ૦ ૩

ઉષ્ણ ઋતે અવની વિષે, બીજ નવિ દીસે બ્હારજી;
ઘન વરસે વન પાંગરે, ઇન્દ્રિય વિષયવિકારજી. ત્યાગ૦ ૪
ચમક દેખીને રે લોહ ચળે, ઇન્દ્રિય વિષય સંયોગજી;
અણભેટે રે અભાવ છે, ભેટ્યા ભોગવશે ભોગજી. ત્યાગ૦ ૫

ઉપર તજે ને અંતર ભજે, એમ નવિ સરે અર્થજી;
વણસ્યો રે વર્ણાશ્રમ થકી, આપે થયું રે અનર્થજી. ત્યાગ૦ ૬

ભ્રષ્ટ થયો ભોગ-જોગથી, જેમ બગડ્યું દૂધજી;
ગયું ઘૃત મહી માખણ થકી, આપે થયું રે અશુદ્ધજી. ત્યાગ૦ ૭

પળમાં ભોગી ને પળમાં જોગીઓ,પળમાં ગૃહી ને ત્યાગીજી;
નિષ્કુલાનંદ એ નર તણો, વણસમજ્યો વૈરાગ્યજી. ત્યાગ૦ ૮

## (૯૮) શ્રી સહજાનંદીકી સજ્ઝાય

સહજાનંદી રે આતમા, સૂતો કાંઈ નિશ્ચિંત રે;
મોહ તણા રણીયા ભમે, જાગ જાગ મતિવંત રે;
લૂંટે જગતના જંત રે, નાખી વાંક અત્યંત રે;
નરકાવાસ ઠવન્ત રે, કોઈ વિરલા ઉગરંત રે.
સહજાનંદી૦ ૧

રાગ દ્વેષ પરિણતિ ભજી, માયા કપટ કરાય રે;
કાશ કુસુમ પરે જીવડો, ફોગટ જનમ ગમાય રે;
માથે ભય જમરાય રે, શો મન ગર્વ ધરાય રે;
સહુ એક મારગ જાય રે, કોણ જગ અમર કહાય રે.
સહજાનંદી૦ ૨

રાવણ સરિખા રે રાજવી, નાગા ચાલ્યા વિણ ધાગ રે;
દશ માથા રણમાં રડવડ્યા, ચાંચ દિયે શિર કાગ રે;
દેવ ગયા સવિ ભાગ રે, ન રહ્યો માનનો છાગ રે;
હરિ હાથે હરિ નાગ રે, જો જો ભાઈયોના રાગ રે.
સહજાનંદી૦ ૩

કેઈ ચાલ્યા કેઈ ચાલશે, કેતા ચાલણહાર રે;
મારગ વહેતો રે નિત્ય પ્રત્યે, જોતાં લગ્ન હજાર રે;
દેશ વિદેશ સધાય રે, તે નર છણે સંસાર રે;
જાતાં જમ દરબાર રે, ન જુવે વાર કુવાર રે.
સહજાનંદી૦ ૪

નારાયણપુરી દ્વારિકા, બલતી મેલી નિરાશ રે;
રોતા રણમાં તે એકલા, નાઠા દેવ આકાશ રે;
કિહાં તરુ છાયા આવાસ રે, જલ જલ કરી ગયો સાસ રે;
બલભદ્ર સરોવર પાસ રે, સુણી પાંડવ શિવ વાસ રે.
સહજાનંદી૦ ૫

રાજી ગાજીને રે બોલતાં, કરતાં હુકમ હેરાન રે;
પોઢ્યા અગ્નિમાં એકલા, કાયા રાખ સમાન રે;
બ્રહ્મદત્ત નરક પ્રયાણ રે, એ ઋદ્ધિ અથિર નિદાન રે;
જેવું પીંપલ પાન રે, મ ધરો જૂઠ ગુમાન રે.
સહજાનંદી૦ ૬

વાલેશર વિના એક ઘડી, નવિ સોહાતું લગાર રે;
તે વિણ જનમારો વહી ગયો, નહિ કાગળ સમાચાર રે;
નહિ કોઈ કોઈનો સંસાર રે, સ્વારથિયો પરિવાર રે;
માતા મરુદેવા સાર રે, પહોત્યા મોક્ષ મોઝાર રે.
સહજાનંદી૦ ૭

માત પિતા સુત બાંધવા, અધિકો રાગ વિચાર રે;
નારી અસારી રે ચિત્તમાં, વંછે વિષય ગમાર રે;
જુઓ સૂરિકાંતા નાર રે, વિષ દેતી ભરતાર રે;
નૃપ જિનધર્મ આધાર રે, સજ્જન નેહ નિવાર રે.
સહજાનંદી૦ ૮

હસી હસી દેતા રે તાલીઓ, શય્યા કુસુમની સાર રે;
તે નર અંતે માટી થયા, લોક ચણે ઘર બાર રે;
ઘડતા પાત્ર કુંભાર રે, એહવું જાણી અસાર રે;
છોડો વિષય વિકાર રે, ધન્ય તેહનો અવતાર રે.
સહજાનંદી૦ ૯

થાવચ્ચાસુત શિવ વર્યા, વળી ઇલાચી કુમાર રે;
ધિક્ ધિક્ વિષયી રે જીવને, લઈ વૈરાગ્ય રસાળ રે;
મેલી મોહ જંજાળ રે, ઘર રમે કેવળ બાળ રે;
ધન્ય કરકંડૂ ભૂપાલ રે, વરીઆ શિવ વરમાલ રે.
સહજાનંદી૦ ૧૦

શ્રી શુભવિજય સુગુરુ લહી, ધર્મરયણ ધરો છેક રે;
વીર વચન રસ શેલડી, ચાખે ચતુર વિવેક રે;

ન ગમે તે નર ભેક રે, ધરતા ધર્મની ટેક રે;
ભવજલ તરીયા અનેક રે, સહજાનંદી૦ ૧૧

## (૯૯)

તુમસે લાગી લગન, લે લો અપની શરણ,
પારસ પ્યારા, મેટો મેટોજી સંકટ હમારા.
નિશદિન તુમકો જપૂં, પરસે નેહા તજૂં,
જીવન સારા, તેરે શરણોંમેં બીતે હમારા.
અશ્વસેન કે રાજદુલારે, વામાદેવી કે સુત પ્રાણપ્યારે,
સબસે મુહકો મોડા, સારા નેહા તોડા, સંયમ ધારા. મેટો૦ ૧
ઇંદ્ર ઔર ધરણેંદ્ર ભી આયે, દેવી પદ્માવતી મંગલ ગાયે,
પરચા પૂરો સદા, દુઃખ નહિ પાવે કદા સેવક તારા. મેટો૦ ૨
જગકે દુઃખકી તો પરવા નહીં હૈ, સ્વર્ગ સુખકી ભી ચાહ નહીં હૈ,
છૂટે જનમ મરણ, એસા હોવે યતન, તારણહારા. મેટો૦ ૩
લાખો વાર તુમ્હેં શિર નમાવૂં, જગકે નાથ તુમ્હેં કૈસે પાઊં,
હમ સબ વ્યાકુલ ભયા, દર્શન બિન યે જીયા, લાગે ખારા. મેટો૦ ૪

## (૧૦૦) ઈલાચીકુમારની સજ્ઝાય

નામ ઈલાપુત્ર જાણીએ, ધનદત્ત શેઠનો પુત્ર;
નટડી દેખીને મોહીઓ, નવિ રાખ્યું ઘરનું સૂત્ર. ૧
કર્મ ન છૂટે રે પ્રાણીયા, પૂરવ નેહ વિકાર,
નિજ કુલ છંડી રે નટ થયો, નાવી શરમ લગાર. કર્મ૦ ૨
માતા-પિતા કહે પુત્રને, નટ નવિ થઈએ રે જાત,
પુત્ર પરણાવું રે પદમણી, સુખ વિલસો સંઘાત. કર્મ૦ ૩
કહેણ ન માન્યું રે તાતનું, પૂરવ કર્મ વિશેષ;
નટ થઈ શીખ્યો રે નાચવા, ન મટે લખિયા રે લેખ. કર્મ૦ ૪

એક પુર આવ્યો રે નાચવા, ઊંચો વાંસ વિશેષ;
તિહાં રાય જોવાને આવિયો, મલિયા લોક અનેક. કર્મ૦૫

ઢોલ બજાવે રે નટવી, ગાવે કિન્નર સાદ;
પાયતલ ઘુઘરા રે ઘમઘમે, ગાજે અંબર નાદ. કર્મ૦૬

દોય પગ પહેરી રે પાવડી, વંશ ચઢ્યો ગજ ગેલ;
નોંધારો થઈને રે નાચતો, ખેલે નવનવા ખેલ. કર્મ૦૭

નટડી રંભા રે સારીખી, નયણે દેખે રે જામ;
જો અંતેઉરમાં એ રહે, જનમ સફળ મુજ તાસ. કર્મ૦૮

તવ તિહાં ચિંતે રે ભૂપતિ, લુબ્ધો નટવીની સાથ;
જો નટ પડે રે નાચતો, તો નટવી કરું મુજ હાથ. કર્મ૦૯

કર્મવશે રે હું નટ થયો, નાચું છું નિરાધાર;
મન નવિ માને રે રાયનું, તો કોણ કરવો વિચાર. કર્મ૦૧૦

દાન ન આપે રે ભૂપતિ, નટે જાણી તે વાત;
હું ધન વંછું છું રાયનું, રાય વંછે મુજ ઘાત. કર્મ૦૧૧

દાન લહું જો હું રાયનું, તો મુજ જીવિત સાર;
એમ મનમાંહે રે ચિંતવી, ચઢિયો ચોથી રે વાર. કર્મ૦૧૨

થાલ ભરી શુદ્ધ મોદકે, પદમણી ઊભી છે બાર;
લ્યો લ્યો કહે છે લેતા નથી, ધન ધન મુનિ અવતાર. કર્મ૦૧૩

એમ તિહાં મુનિવર વહોરતા, નટે દેખ્યા મહા ભાગ;
ધિક્ ધિક્ વિષયી રે જીવને, ઇમ નટ પામ્યો વૈરાગ. કર્મ૦૧૪

સંવરભાવે રે કેવલી, થયો મુનિ કર્મ ખપાય;
કેવળ મહિમા રે સુર કરે, લબ્ધિવિજય ગુણ ગાય. કર્મ૦૧૫

## (૧૦૧) શ્રી વવાણિયા જન્મભૂમિ-મહિમા

અંતર અતિ ઉલ્લસે હો કે જન્મભૂમિ નીરખી,
મુમુક્ષુ-મનને હો, કે કલ્યાણક સરખી.

પશ્ચિમ ભારતની પટરાણી, પુરી વવાણિયા બહુ વખણાણી,
જનની આ વીરની લેખાણી, ગુરુ રાજચંદ્રે સ્વીકરાણી.
અંતર૦ મુમુક્ષુ૦

સૌરાષ્ટ્ર વિજયવંતુ તુજથી, ગણ જેમ નિશા શશિ-ઉદયથી,
મંદિર મનોહર જો દૂરથી, સુરવિમાન સમ એ લે પરખી.
અંતર૦ મુમુક્ષુ૦

જિનમંદિર સહ ગુરુમંદિર આ, કરુણામૂર્તિ ગુરુરાજ મહા,
ચરણે મન લીન રહોય સદા, દર્શન-શિવસુખની વાનગી આ.
અંતર૦ મુમુક્ષુ૦

પ્રભુ ! પૂર્વ કમાણી બહુ લાવ્યા, વળી સર્વ કળા ધરી અહીં આવ્યા,
શ્રી દેવામા મન મહલાવ્યા, શ્રી રાજચંદ્ર અમ મન ભાવ્યા.
અંતર૦ મુમુક્ષુ૦

અહો ! કિશોર કાળે ભવ ભાળ્યા, સુસ્મૃતિ પડદા સઘળા ટાળ્યા,
શ્રુતનયને સહુ ધર્મો ભાળ્યા, સમ્યક્‌દર્શન ગુણ સૌ પાળ્યા.
અંતર૦ મુમુક્ષુ૦

પ્રભુ સત્ય ધર્મને ઉદ્ધરવા, અશરીરી ભાવ સદા વરવા,
અજ્ઞાન કલંક મહા હરવા, કરી દેહની આપે ના પરવા.
અંતર૦ મુમુક્ષુ૦

તમે સત્ય પુરુષાર્થ સદા કરતા, ખરી નિષ્કારણ કરુણા ધરતા,
વળી મોક્ષમાર્ગ કંટક હરતા, અમ સમ નિર્બળને ઉદ્ધરતા.
અંતર૦ મુમુક્ષુ૦

વ્હાલા શ્રીમદ્ સદ્‌ગુરુ ઉર વસજો, પ્રતિબંધ બધા અમ દૂર કરજો,
અમ અણસમજણ સઘળી હરજો, ભક્તિ મુક્તિ પદ ઉર ધરજો.
અંતર૦ મુમુક્ષુ૦